
# ગુલઝારે હનીફ

(કિતાબુલ મીરાસ)

(વારસા વહેંચણી બાબત
શરીઅત શું કહે છે)



પ્રકાશક : હુસેની કમિટી (સુન્ની)

૮, લાતી પ્લોટ સામે, મુ. મોરબી, જી. રાજકોટ. ફોન (૦૨૮૨૨-૨૩૩૨૧૪)

## હુસૈની કમિટી (સુન્ની)-મોરબી

# ઈસાલે સવાબ માટે

# દીની કિતાબો છપાવો

મોરબી હુસૈની કમિટી (સુન્ની) દ્વારા છેલ્લા સોળ વર્ષ થયા દીને ઈસ્લામની ખિદમતમાં અત્યાર સુધીમાં ૧૦૦ ઉપર દિની કિતાબો, પેમ્ફલેટો પ્રગટ કરી દીનની મહાન ખિદમત અંજામ આપી મુસ્લિમો વધુ ને વધુ દીનની જાણકારી મેળવી રહેલ છે.

આ કાર્યને વધુને વધુ મજબુત બનાવવા માટે આપના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે દીની કિતાબો છપાવી સવાબે જારીયાના હકદાર થશો એવી આગ્રહ ભરી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આજે જ રૂબરૂ અથવા પત્ર વ્યવહારથી સંપર્ક સાધો.

**મહેબુબ કે. પીલુડીયા** *(વ્યવસ્થાપક)*

## હુસૈની કમિટી (સુન્ની)

**૮, લાતી પ્લોટ સામે, મુ. મોરબી જિ. રાજકોટ - ૩૬૩૬૪૧**

ફોન : (૦૨૮૨૨) ૨૩૩૨૧૪

મોબાઈલ : ૯૮૨૫૧ ૩૩૨૭૪

# ગુલઝારે હનીફ

## (કિતાબુલ મીરાસ)

## (વારસા વહેંચણી બાબત શરીઅત શું કહે છે)


લેખક : પીર મોહંમદ હનીફ બાપુ

અબ્દુલકરીમ મીઠાઈવાલા

(ખલીફએ કાદરીયાહ અલ રફાઈ સુરત મોટી ગાદી)



પ્રકાશક

**હુસૈની કમિટી (સુન્ની)**

૮, લાતી પ્લોટ સામે, મુ. મોરબી

જિ. રાજકોટ - ૩૬૩૬૪૧

ફોન : (૦૨૮૨૨) ૨૩૩૨૧૪

મોબાઈલ : ૯૮૨૫૧ ૩૩૨૭૪

કિતાબનું નામ : ગુલ્ઝારે હનીફ

(કિતાબુલ મોરાસ)

(વારસા વહેંચણી બાબત શરીઅત શું કહે છે)

લેખક : **પીર મોહંમદ હનીફ બાપુ અબ્દુલકરીમ મીઠાઈવાલા**

(ખલીફએ કાદરીયાહ અલ રફાઈ સુરત મોટી ગાદી)

આવૃત્તિ : **બીજી આવૃત્તિ**

પેજ : ૯૨

હિ.સન : **હિજરી ૧૪૨૬ : ઈ.સ. ફેબ્રુઆરી ૨૦૦૫**

પ્રકાશન નંબર : ૨૪૮

કમ્પોઝ બાય : **જે.કે. કોમ્પ્યુટર ગ્રાફિક્સ**

હોટલ આશિયાના સામે, સલાપસ રોડ,

અહમદાબાદ-૧. ફોન : ૫૫૪૪૯૯૫૫

પ્રિન્ટેડ બાય : **કલીમ બુક ડીપો એન્ડ ઓફસેટ પ્રિન્ટર્સ**

ખાસ બજાર, તીન દરવાજા,

અહમદાબાદ-૧. ફોન : ૫૫૪૪૯૯૫૬

✻ પ્રકાશક ✻

# હુસૈની કમિટી (સુન્ની)

**૮, લાતી પ્લોટ સામે, મુ. મોરબી જિ. રાજકોટ - ૩૬૩૬૪૧**

ફોન : (૦૨૮૨૨) ૨૩૩૨૧૪

મોબાઈલ : ૯૮૨૫૧ ૩૩૨૭૪

## પ્રકાશક તરફથી.....

કિતાબુલ મીસરા (વારસા વહેંચણી) બાબત એક પુસ્તક તૈયાર કરવા ઘણા સમયથી હું વિચાર કરતો હતો. અલ્લાહ રબ્બુલ ઈઝઝતે તેના હબીબેપાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના તુફેલમાં આ કામને પુરૂં કરવાની મને તવફીક આપી.

બે વર્ષના અથાગ પ્રયત્નો પછી આ પુસ્તકને આપની સમક્ષ મૂકી રહ્યો છું.

આ પહેલાં મેં તોહફએ હનીફ (નમાઝ બાબતના ઝરૂરી મસાઈલો) પર એક પુસ્તિકા પ્રગટ કરી છે. ગુલઝારે હનીફના નામથી બીજો તોહફો આપની ખિદમતમાં મૂકી રહ્યો છું.

આ પહેલાં પુસ્તક સ્વરૂપે ગુજરાતીમાં મીરાસ વારસા (વહેંચણી) પર કોઈ પુસ્તક તૈયાર થયું નથી.

આ પુસ્તકમાં વારસા-વહેંચણીને લગતી બાબતો સવાલ-જવાબ રૂપે આપેલ છે. જેથી વાચકવર્ગને સમજવામાં આસાની રહેશે.

અંતમાં વાંચક વર્ગને મારી નમ્ર વિનંતી છે કે, આ પુસ્તક વાંચ્યા પછી આપનો અભિપ્રાય મને ઝુરૂરથી લખશો જેથી આ પુસ્તકમાં મારાથી જે કાંઈ ભૂલો કે ત્રુટિઓ રહી ગઈ હોય તો તેમાંથી મારા બીજા પ્રકાશનો તૈયાર કરવામાં મને પ્રેરણારૂપ સાબિત થશે.

આ કાર્યમાં મને જે મુરબ્બીઓની પ્રેરણા તથા હુંફ મળી છે

તેમનો અંતકરણથી શુક્રગુજાર છું અને તે મુરબ્બીઓના અસ્માએ ગિરાંમી નીચે મુજબ છે.

(૧) પીરો મુર્શીદ હઝરત સૈયદ મુઈનુદ્દીન સલીમુલ્લાહ સાહેબ કાદરીય્યાહ અલ રીફાઈ (દા.બ.) (જેમના તરફથી મને ખિલાફત મળી છે. સુરત મોટી ગાદી) હઝરત પીર લતીફ બાબા કાદરીયા રીફાઈ, સુરત મોટી ગાદી)

(૨) પીરે તરીકત આલિમે શરીઅત હઝરત સૈયદ હાજી મૌલાના કમરૂદ્દીન પીરઝાદા (અશરફીય્યહ કારંટવી) મારા ઉસ્તાદ જેમના તરફથી મને ઇલ્મે દીન હાંસિલ થયો છે.

(૩) હઝરત ખ્વાજએ ખ્વાજગાન ખ્વાજહ પીર નસીરૂદ્દીન ચીશ્તી (રહમતુલ્લાહ તઆલા અલયહ) મારા પીરોમુર્શદ (શાહીબાગવાળા)

(૪) હઝરત મોઈનબાબા ચીશ્તી મારા પીરો મુર્શદના ફરઝંદ પીરઝાદા હઝરત બુરહાનુદ્દીન ઇબ્ને કમાલુદ્દીન ચીશ્તી

(૫) હઝરત પીર મુસ્તુફા બાપુ (રફઅત કાદરીય્યહ)

(૬) જનાબ નુરમહંમદ એ. મીઠાઈવાલા (મારા મોટાભાઈ)

(૭) હાજી પીરભાઈ ફતેહભાઈ (ચા વાલા)

**પીર મો. હનીફ બાપુ મીઠાઈવાલા**

(કાદરિય્યહ રીફાઈ)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

નહમદોહુ વ નુસલ્લી અલા રસૂલેહિલ કરીમ

ઈન્નલ્લાહા વ મલાએકતહૂ યુસલ્લૂના અલન્નબિયે, યા અય્યોહલ્લઝીના આમનૂ સલ્લૂ અલયહે વ સલ્લેમુ તસ્લીમા.

## દુરૂદે ગૌસીયા કાદરીયા

દુરૂદ હઝરત ગૌસુલ આઝમ શેખ અબ્દુલકાદિર જીલાની (રહમતુલ્લાહ તઆલા અલયહ)

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

અલ્લાહુમ્મા સલ્લે અલા સૈયેદેના મોહંમદે નિસ્બાબેકે લિલ્ખલકે નુરોહુ વ રહમતિહિલ આલમીના ઝોહરોહુ અદદા મમ મદા મિન ખલ્કેકા વ મન બકેયા વ મન સએદા મિન્હુમ વમન શકેયા સલાતન તસ્તગ્રેકુલ્અદદા વત્તોહીતો બિલ્હદદે સલાતલ્લાગાયતા વલા મુન્તહા વલન્કેદાઅ સલાતન દાએમતન બેદવામેકા વઅલા આલેહી વસ્હાબિહિ વસલ્લિમ તસ્લિમ્મ મિસ્લ ઝાલેકા.

## ગુલઝારે હનીફ

### કુર્આન અને હદીસની રોશનીમાં માની મિલ્કતમાં છોકરીનો હક છે કે નહિ ?

<u>સવાલ</u> : ૧ મર્હૂમ ઝૈદ પોતાની હયાતીમાં ખુદની

છોકરી ઝુબૈદહ બીબીને પોતાની જાઈદાદ બખ્શિશ આપી છે. ઝુબૈદાબીબીની એક છોકરી અને એક છોકરો છે. ખાવિંદ ગુઝરી ગયો છે. ઝુબૈદાબીબીને તેની નણંદએ લાલચ આપે છે કે તારા નિકાહ કરાવી દઈએ અગર તુ તારી બધી જાઈદાદ જે બાપના તરફથી તને મળી છે તે છોકરાને લખી આપે, ઝુબૈદાહ આમ કરવા તેયાર છે અને છોકરીને પોતાની મીરાસથી મહરૂમ કરવા માંગે છે તો શું ઝુબૈદહનું આ કૃત્ય શરઅન દુરૂસ્ત છે ? શું માંની મિલ્કતમાં છોકરીનો હક લાગુ પડતો નથી ?

<u>જવાબ :</u> ૧ બેશક ! છોકરી પણ માંની વારિસ છે, માંના મરણ પછી માંની મિલ્કતમાં હકદાર થશે. માં-છોકરીને મહરૂમ કરવા માંગે અને કહી જાય અથવા લખાણ કરી જાય કે મારા મરણ પછી બધી માલ-મિલ્કત મારા છોકરાને આપવી. છોકરીને કાંઈ આપવું નહીં અથવા તેના હકથી થોડું આપવા કહી કે લખી જાય તોય છોકરી મહરૂમ થશે નહીં અને પોતાનો હક લેવાની હકદાર રહેશે. પરંતુ મા વિરાસતનો કાનુન અને હક માંના મરણ પછી લાગુ પડે છે. ઝિંદગી અને તંદુરસ્તીની હાલતમાં મા પોતાની બધી મિલ્કત છોકરાને આપી શકે છે જો કે શરઈ કારણ વગર આમ કરવું (અને છોકરીને નહી આપવું) ઈન્સાફની વિરૂદ્ધ છે અને મુરૂવ્વત તથા માંથી મમતા વિરૂદ્ધ છે માટે ગુનાહિત છે. (દુર્રે મુખ્તાર શામી સાથે ભાગ-૪ પાનું-૭૦૭) હદીસ શરીફમાં છે કે : જે માણસ પોતાના વારિસને નાહક મીરાસથી (વારસા વહેંચણીથી)

મહરૂમ કરે તો ખુદા પાક તેનો હક કયામતના દિવસે જન્નતથી બાતિલ કરી દેશે. (મિશ્કાત શરીફ, પાનું-૨૬૬, દુર્રે મુખ્તાર ફતાવા શામી સાથે ભાગ-૪, પાનું-૭૦૭) માટે હયાતીમાં આપવું હોય તો છોકરા-છોકરી બંનેને આપે અને સરખા ભાગે આપે. છોકરાને ડબલ અને છોકરીને એક ભાગ આપવાનો કાનુન વિરાસતી છે. એટલે કે મરણ પછી જે માલની વહેંચણી તેના વારસદારોમાં થાય છે તે બાબતે છે. હયાતીમાં ઔલાદને અપાય છે તે 'અતિય્યહ' છે, અને 'અતિય્યહ'માં બધી ઔલાદ બરાબરની હકદાર છે, છોકરો હોય કે છોકરી, હા છોકરાની તઅલીમ વગેરે શરઈ મસ્લિહતના લીધે કાંઈ વધારે આપે જ્યારે છોકરીને કમ આપવા અને નુકસાન પહોંચાડવાનો હેતુ ન હોય તો જાઈઝ છે. "નિય્યત ઉપર આધાર છે." (હદીસ)

**મીરાસમાં બહેનોનો હક ન આપે તો શું હુકમ છે ?**

<u>સવાલ :</u> ૨ વારસા વહેંચણી બાબત ભાઈની નિય્યત ખોટી છે. એટલે બાપની મીરાસમાંથી બહેનોને તેમને લગતો હક આપવા ભાઈ રાઝી નથી તો એના માટે શરીઅતનો શું હુકમ છે ?

<u>જવાબ :</u> ૨ મીરાસની વહેંચણી (વારસા વહેંચણી) બાબત શરઈ કાનુન નહીં માનવું અને છોકરીઓને તેમના હકથી મહરૂમ કરવું અને તેમને તેમનો હક નહીં આપવો બહુ સખ્ત ગુનાહનું કામ છે, બલ્કે કુફ્રની હદે પહોંચી જવાનો ભય છે, ખુદાપાકે તેના પાક કલામમાં વારસા વહેચંણીના કાયદા

કાનુન બયાન કરી સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું છે કે, "અને જે કોઈ ખુદા અને તેના રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની નાફરમાની કરશે, અને તેની (બાંધેલી) હદો ઓળંગી જશે તો તેને દોઝખમાં નાંખશે જેની અંદર તે સદા રહેશે અને તેના માટે ઝિલ્લતનો અઝાબ છે." (સૂરએ નિસાઅ)

માટે પુછેલી સુરતમાં બહેનોને તેમનો હક આપવો ઝરૂરી છે, ઈન્કાર કરવું કાફિરાના રસ્મની પૈરવી છે.

<u>સવાલ :</u> ૩ એક માણસ ગુજરી ગયો. તેના ત્રણ સગા ભાઈ હતા. પણ તે બધા ગુજરી ગએલા છે. તેઓની ઔલાદ એટલે મર્હૂમના ભત્રીજા છે. સગાઓની વિગત : પહેલા એક છોકરો ભાઈનો એક છોકરો તથા એક છોકરી. ત્રીજા ભાઈના બે છોકરા જેમાંથી એક ગુજરી ગએલો પણ તેની ઔલાદમાં બે છોકરા તથા એક છોકરી છે. એટલે મર્હૂમના ભત્રીજાના છોકરાઓ છે. નજીકના સગા ઉપર પ્રમાણે છે. મર્હૂમની મિલ્કતમાં એ સર્વેનો શું હક છે ? તેમ તેની ઔરતનો શું હક લાગુ પડે છે ?

<u>જવાબ :</u> ૩ મર્હૂમના માલમાંથી ત્રણે ભાઈના છોકરાઓ વારિસ થશે. મર્હૂમના મરણ વખતે જેટલા ભત્રીજા હયાત હતા તેઓને જ મળશે. ભત્રીજીને કંઈ મળશે નહિ. મર્હૂમની હયાતીમાં ગુજરી ગયેલો ભત્રીજો વારિસ થતો નથી તેમ તેની ઔલાદ પણ મહરૂમ છે.

મતલબ કે પ્રથમ શરઈ હકો અદા કર્યા બાદ મર્હૂમની ઔરતને ચોથો ભાગ મળશે. બાકી જે ભત્રીજાઓ મર્હૂમના

મરણ વખતે હયાત હતા તેઓને મળશે. એક રૂપિયામાંથી ચાર આનાની હિસ્સેદાર મર્હૂમની ઓરત અને બાર આનામાં ભત્રીજાઓ સરખા ભાગે હિસ્સેદાર છે. (કુતુબે ફરાઇઝ)

<u>**સવાલ :**</u> ૪ શરીઅતમાં હનફી મઝહબ મુજબ બાપ અને કાકો અથવા એ બંનેમાંથી એક પણ હયાત હોય તો પોત્રાને દાદાના માલમાંથી મીરાસ મળી શકે ?

<u>**જવાબ :**</u> ૪ બાપ અને કાકો હયાત હોય ત્યારે પોત્રાને દાદાના માલમાંથી મીરાસ મળશે નહિ. (શિરાજી) બુખારી અને મુસ્લિમ શરીફની હદીસોથી સાબિત છે કે, ઝવીબ પુરૂષનો હિસ્સો આપવા બાદ જે કંઈ બાકી રહે તેનો તે વધારે હકદાર છે. જે મૈયત સાથે સૌથી વધારે સગાપણ રાખતો હોય એથી સાબિત થયું કે દાદા સાથે વધારે સગાપણ રાખનારા તેના દીકરા હોવાથી તેમના હોવા છતાં પૌત્રોને કંઈ મળશે નહિ. (શરીફીયહ)

<u>**સવાલ :**</u> ૫ એક માણસ ગુજરી ગયો. તેની એક ઓરત અને એક સગો ભાઈ અને એક સાવકો ભાઈ તથા સાવકી બહેન છે, તો દરેકને શરીઅત મુજબ કેટલો હિસ્સો મળશે ?

<u>**જવાબ :**</u> ૫ મરનારનું કફન, દફન અને દેણ કરજ તથા વસીયત જો હોય તો, એ તેની મિલ્કતના ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ જે કંઈ વધે તેમાંથી મર્હૂમની ઔરતને રૂપિયા દીઠ ચાર આના અને સગા ભાઈને બાર આના મળશે. મસઅલો-ચારથી થશે એટલે ઔરતને એક મળશે અને બાકી

ત્રણનો હિસ્સેદાર સગો ભાઈ થશે સાવકો ભાઈ અને સાવકી બહેન મહરૂમ છે.

**સવાલ :** ૬ એક માણસ ગુજરી ગયો. તેણે માલ-મિલ્કત છોડી છે અને તેના વારિસો આ મુજબ છે. બે બેવા ઔરતો, પાંચ છોકરા અને એક છોકરી, તો વહેંચણી કેવી રીતે કરવી ?

**જવાબ :** ૬ પૂછેલી સૂરતમાં મરનારને લગતા શરઈ હકો પ્રથમ અદા કરવામાં આવે. તે પછી મર્હૂમની કુલ મિલ્કતના ૮૮ ભાગ કરવા તેમાંથી આઠમો ભાગ એટલે ૧૧ ભાગ તેની બંને ઓરતોને આપવા અને દરેક છોકરાને ૧૪, ૧૪ ભાગ આપવા, છોકરીને ૭ ભાગ આપવા રૂા. ૧માંથી બંને ઔરતો વચ્ચે બે આના આપવા, બાકીના ચૌદ આનામાંથી અગિયાર ભાગ પાડી દરેક છોકરાને ડબલ, ડબલ, હિસ્સો અને છોકરીને સિંગલ હિસ્સો આપવામાં આવે. (શિરાજી)

**સવાલ :** ૭ એક માણસ ગુજરી ગયો. તેની ફકત એક ઔરત છે અને એક ભાઈ છે. બીજું કોઈ નથી. તો એની મિલ્કત કેવી રીતે વહેંચવી ?

**જવાબ :** ૭ પૂછેલી સુરતમાં પ્રથમ શરઈ હકો અદા કર્યા બાદ કુલ મિલ્કતના ચાર ભાગ કરી તેમાંથી એક ભાગ ઔરતને આપવો અને ત્રણ ભાગ મર્હૂમના ભાઈને આપવા (રૂા. ૧માંથી ૪ આના ઔરતને અને બાર આના ભાઈને આપવા.) (શિરાજી)

**સવાલ :** ૮ બે ભાઈઓ ભેગા રહેતા હતા. તેમનો

ધંધો રોજગાર તથા મિલકત પણ ભેગી હતી. તેમાંથી નાનો ભાઈ પહેલાં ગુજરી ગયો તેને ત્રણ છોકરા અને બે છોકરી છે તથા બૈરી છે ત્યારબાદ એક વરસ પછી મોટો ભાઈ ગુજરી ગયો. તેને ફકત એક જ છોકરી છે તો તે મિલ્કતની વહેંચણી શરીઅત મુજબ કેવી રીતે કરવી ?

**જવાબ :** ૮ જ્યારે બંને ભાઈઓ ભેગા હતા અને બંનેની મિલકત પણ ભેગી હતી તો હવે જ્યારે નાનો ભાઈ ગુજરી ગયો તો તેના ભાગની અડધી મિલ્કતમાંથી તેના વતીના શરઈ હક્કો અદા કર્યા બાદ તેની મિલ્કતમાંના કુલ્લે ૬૪ ભાગ કરવા. તેમાંથી ૮ ભાગ તેની ઔરતને અને દરેક છોકરાને ૧૪, ૧૪ ભાગ અને દરેક છોકરીને ૭, ૭ ભાગ આપવા એટલે ૬૪ ભાગ પુરા થઈ જશે એ પછી મોટો ભાઈ ગુજરી ગયો. તો તેના ભાગની અડધી મિલ્કતમાંથી તેના વતીના શરઈ હકો અદા કર્યા બાદ તેની કુલ મિલ્કતનાં ૧૨ ભાગ કરવા તેમાંથી ૬ ભાગ તેની છોકરીને આપવા. બાકીના રહેલા ૬ ભાગમાંથી ત્રણે ભત્રીજાઓને બે-બે ભાગ આપવા. (શિરાજી)

**સવાલ :** ૯ એક ઓરત ગુજરી ગઈ. તેની એક છોકરી છે અને એક પોત્રો છે. મતલબ કે બે વારિસ છે. તો તેને કેટલું મળશે ?

**જવાબ :** ૯ મઝહબી ક્રિયા અદા કર્યા પછી અને જો મર્હૂમની કંઈ વસીયત હોય તો તેને ૧/૩ મિલ્કતમાંથી જારી કરવા બાદ જે કંઈ બચે તેમાંથી અડધું છોકરીને અને અડધું

પોત્રને મળશે. (શિરાજી)

**સવાલ :** ૧૦ એક માણસની ઓરત ગુજરી ગઈ. મર્હૂમાને તેણીનો હિસ્સો હજુ તેણીના બાપના માલમાંથી મળેલો નથી.મર્હૂમાને કોઈ ઔલાદ નથી હવે તેણીનો વારિસ તેણીનો ધણી થશે કે નહિ ?

**જવાબ :** ૧૦ મર્હૂમા ઓરતની હયાતીમાં જો તેણીનો બાપ ગુજરી ગયો હોય, તો બાપના માલમાંથી તેણી વારિસ થશે. બાપના માલમાંથી કેટલો હિસ્સો મળશે તે સઘળા વારિસો દર્શાવી પૂછીને જાણી લેવું. પછી તેણીના ભાગમાં આવે તેટલા માલમાંથી તેણીને ઔલાદ નહિ હોવાથી ધણીને અર્ધો હિસ્સો શરીઅતની રૂએ પહોંચશે તેમજ તેણીની મહેર વગેરેને જે કંઈ મિલ્કત હશે, તેમાંથી પણ ધણીને અડધો ભાગ મળશે. બાકીની અડધી મિલ્કત તેણીના બીજા વારિસોમાં દરેકને પોતપોતાના હક મુજબ મળશે. (શિરાજી)

**સવાલ :** ૧૧ ધણી ક્યારે મહરૂમ રહે છે ?

**જવાબ :** ૧૧ ખાસ કારણો સિવાય ધણી મહરૂમ હોતો નથી. અગર ઔરતની ઔલાદ હોય તો માલનો ચોથો ભાગ લે છે, નહીં તો અર્ધો ભાગ લે છે. (કુર્આને કરીમ સૂરએ નિસાઅ, પારો-૪, રૂકુઅ-૨)

**સવાલ :** ૧૨ ઔરત ક્યારે મહરૂમ હોય છે ?

**જવાબ :** ૧૨ ખાસ કારણો સિવાય ઔરત મહરૂમ હોતી નથી. ધણીની ઔલાદ હોય તો માલનો આઠમો ભાગ લે નહીં તો ચોથો ભાગ લે છે. (કુર્આને કરીમ સૂરએ

નિસાઅ, પારો-૪, રૂકૂઅ-૨)

**<u>સવાલ :</u>** ૧૩ અબ્દુલ્લાહ ગુજરી ગયો. વારિસોમાં ઔરત બાપ અને એક છોકરી છે તો મીરાસની (વારસાઈ) વહેંચણી કેવી રીતે થશે ?

**<u>જવાબ :</u>** ૧૩ માલના ૨૪ ભાગ થશે, ૩ ભાગ (આઠમો હિસ્સો) ઔરતને અને ૧૨ ભાગ (અડધો હિસ્સો) છોકરીને અને ૯ ભાગ (એટલે ૪ ભાગ ફરઝન્દ અને ૫ ભાગ અસબતન) બાપને મળશે. (શિરાજી)

**<u>સવાલ :</u>** ૧૪ જમીલા ગુઝરી ગઈ. વારિસોમાં ધણી અને બાપ છે તો માલની વહેંચણી કેમ થશે ?

**<u>જવાબ :</u>** ૧૪ માલના બે ભાગ થશે, એક ભાગ ધણીને અને એક ભાગ બાપને મળશે. (શિરાજી)

**<u>સવાલ :</u>** ૧૫ અબ્દુલ્લાહ ગુઝરી ગયો. વારિસોમાં ઔરત, બાપ અને એક છોકરો છે તો મીરાસની વહેંચણી કેવી રીતે થશે ?

**<u>જવાબ :</u>** ૧૫ મર્હૂમના માલના ૨૪ ભાગ થશે, ૩ ભાગ (આઠમો હિસ્સો) ઔરતને ૪ ભાગ (છઠ્ઠો હિસ્સો) બાપને, બાકીના ૧૭ ભાગ છોકરાને મળશે. (શિરાજી)

**<u>સવાલ :</u>** ૧૬ એક બાઈ પોતાના મર્હૂમ ખાવિંદની મિલ્કત (જે હાલ તેણીના જ કબજા વહીવટમાં છે તે)ને મસ્જીદ મદ્રસામાં વકફ કરવા અર્થે વીલનામું કરી આપવા માંગે છે, હવે એ મિલ્કત વિષે એમ બન્યું છે કે બાઈએ પોતાની એક છોકરીના નામ પર એ મિલ્કત લખી આપી તે

છોકરી શાદી થયા પછી એક છોકરાનો જન્મ આપી ગુજરી ગઈ. હવે એ છોકરો પણ થોડા દિવસ પછી ગુજરી ગયો અત્રેની ફિરંગી સરકારના કાયદા મુજબ સદરહુ મિલકતને બાઈએ પોતાની છોકરીના નામ પર લખી આપી હતી એટલે પહેલાં તો તે માલિક થઈ અને તેના ગુજરી જવા પછી તેના પેટે અવતરેલો છોકરો માલિક થયો. હવે એ છોકરો પણ ગુજરી ગયો એટલે તેનો બાપ (તે બાઈનો જમાઈ) માલિક થયો. પણ એવી રીતથી કે બાઈ પોતાની જીંદગી પર્યંત એ મિલ્કતની ઉપજ લઈ શકે છે. મરણ પછી ઉપર જણાવ્યા મુજબ તેનો જમાઈ છે, જો તે સહી આપે તો વીલનામું થઈ શકે છે અને તે માટે તે વીલનામામાં પોતાનો હિસ્સો દર્શાવવા માંગે છે. બીજું એ કે બાઈના મર્હૂમ ખાવિંદના ભત્રીજાઓ પણ છે. પરંતુ બાઈ આ મિલ્કત મસ્જીદ મદ્રસા સિવાય કોઈને આપવા સાફ ઈનકાર કરે છે. હવે ઉપલી વિગતથી બાઈ ખરી હકદાર રહી છે કે નહિ ? અને તેનો જમાઈ જે લખાણના ગોટાળાથી ફિરંગી કાયદા મુજબ માલિક ઘવા માંગે છે, એ શરીઅતની રૂએ ખોટો ઠરે છે કે નહિ ? વળી એ મિલ્કત વકફ ખાતામાં લેવી જાઈઝ છે કે નહિ ?

<u>જવાબ :</u> ૧૬ અગર બાઈને પોતાના ધણીની મિલ્કતમાંથી શરીઅત મુજબ હિસ્સો અને તેણીનો હક મળ્યો છે તો તેની સ્વતંત્ર માલિક બાઈ પોતે જ છે અને જો મર્હૂમના માલમાંથી બીજા વારિસોના હક અદા કરવામાં ન આવ્યા હોય અને બધી મિલ્કત બાઈએ કબજે કરી હોય તો તેમાં

બીજા વારિસોનો પણ શરીઅતની રૂએ હક સાબિત છે. બાઈની મરનાર છોકરી જો તે મર્હૂમની દીકરી હોય તો તે પણ બાપના માલમાંથી વારિસ થશે અને એ બાઈ પણ વારિસ થશે તથા મર્હૂમનો છોકરો કે ભાઈ નહિ હોવાની સૂરતમાં મર્હૂમના ભત્રીજા પણ વારિસ થશે. હવે જો દરેક વારિસના હક ચુકવ્યા હોય અને પુરેપુરી મિલ્કતની માલિક હક વાજબીસર બાઈ જ હોય અને બાઈએ પોતાની જિંદગીમાં પોતાની મિલ્કત રાજીખુશીથી પોતાની દીકરીને બક્ષિશ કરી આપી કબજો, વહીવટ પણ છોકરીને સોંપ્યો હોય, તો તે મિલ્કતની માલિક તે બાઈની છોકરી થઈ જશે અને જો બાઈએ છોકરીને કબજો વહીવટ સોંપ્યો ન હોય, તો છોકરી માલિક થશે નહિ. તે મિલ્કત બાઈની જ ગણાશે અને તેમાં છોકરી કે જમાઈનો કંઈ લાગશે નહિ. પણ જો એ મિલ્કતમાંથી બધા વારિસોના હક અદા ન કરવામાં આવ્યા હોય તો તે મિલ્કત એકલી બાઈની ગણાશે નહિ. બાઈએ બધી મિલ્કત છોકરીના નામ પર કરી આપેલી તે ચાલશે નહિ, તેમાંથી મર્હૂમની છોકરી તથા ભત્રીજાઓનો પણ હક લાગશે. તો હવે એ છોકરીના ગુજરી જવાથી (તેણીના બાપની મિલકતમાંથી તેણી જેટલાના હકદાર છે તેટલાના) વારિસદાર મરનાર છોકરીની મા એટલે મજકુર બાઈ અને અવતરેલો છોકરો તથા બાઈનો જંમાઈ એટલે મરનાર છોકરીનો ધણી છે. તે પછી છોકરીના ગુજરી જવાથી (તેના મા તરફથી મળેલા ભાગમાં) ઉપરના બંને એટલે છોકરીનો બાપ તથા નાની વારિસ થશે. તો હવે બાઈ પોતાનો

શરીઅત મુજબ ભાગે આવતો હિસ્સો વકફ કરી શકે છે. બાઈને બધી મિલકત આપી દેવા કે વકફ કરવાનો હક નથી. (શિરાજી, મુફીદુલ વારેસીન)

<u>સવાલ</u> : ૧૭ એક માણસ ગુજરી ગયો તેણે પોતાની એક ઓરત, એક છોકરી, બે સગા ભાઈ અને સગી બહેન છોડયાં, તો હવે એમાં કોને મળે અને કોને ન મળે ?

<u>જવાબ</u> : ૧૭ લખેલા સવાલના જવાબમાં જાણવું જોઈએ કે મર્હૂમના કુલ્લે માલમાંથી સૌથી પહેલાં શરઈ હકો અદા કરવા. ત્યારબાદ જે કંઈ બચે તેમાંથી આઠમો ભાગ ઓરતને અને અર્ધો ભાગ છોકરીને આપવો. તે પછી જેટલું બચે તેમાંથી ડબલ ડબલ હિસ્સો દરેક ભાઈને અને સીંગલ હિસ્સો બહેનને આપવો એટલે) રૂા. ૧માંથી બે આના ઓરતને આઠ આના છોકરીને આપવા. બાકીના છ આનાના પાંચ ભાગ કરી બે બે ભાગ દરેક ભાઈને અને એક એક ભાગ બહેનને આપવો, એવી રીતે કુતુબે ફરાઈઝમાં છે.

<u>સવાલ</u> : ૧૮ મારા બાપનું માલિકીનું મકાન છે. મારા વાલિદ ગુજરી જતાં તેમાં હું તથા ભાઈ રહેતા હતા. પછી કેટલાક કારણોસર હું તે મકાન છોડી એક ભાડાના મકાનમાં રહેવા ગયો અને મારા બાપવાળા મકાનમાં મારો ભાઈ રહે છે તો શું મેં તે મકાનમાં રહેવું છોડી દીધું તેથી મારો હક બાતિલ થઈ જશે અથવા હક કાયમ રહેશે? વળી, મેં પોતે નોકરી કરી કંઈક પૈસા જમા કર્યા અને તે પૈસામાંથી મેં મારી શાદી કરી અને ઓરતના દાગીના પણ બનાવ્યા તો તે દાગીના

મારા કહેવાશે કે તેમાં પણ મારા ભાઈનો હક લાગુ પડશે ?

<u>જવાબ :</u> ૧૮ જ્યારે તે મકાન તમારા વાલિદની માલિકીનું છે, તો તેમાં તમારો પણ હિસ્સો છે. તે મકાનમાં રહેવું છોડી દેવાથી તમારો હક બાતિલ થતો નથી. જ્યારે તમે નોકરી વગેરે કરી તમારા પૈસાથી તમારી ઓરતના દાગીના વગેરે બનાવ્યું છે. તો તે દાગીનાના માલીક તમે એકલા જ છો. તેમાં બીજો કોઈ હિસ્સેદાર નથી. (કુતુબે ફિકહ)

<u>સવાલ :</u> ૧૯ શું ફરમાવે છે, દીનના આલિમો આ મસઅલામાં કે ઝૈદ ગુજરી ગયો અને તેના વારિસો આ પ્રમાણે છે. એક ઓરત ૬ છોકરા, ૫ છોકરીઓ, તેઓમાં મર્હૂમના માલમાંથી વહેંચણી કેવી રીતે કરવી ?

<u>જવાબ :</u> ૧૯ મર્હુમ ઝૈદના માલમાંથી પ્રથમ શરઈ હકો અદા કર્યા બાદ તેના કુલ માલના ૧૩૬ ભાગ કરવા એમાંથી મર્હુમની ઓરતને આઠમો ભાગ એટલે ૧૭ ભાગ, આપવા અને દરેક છોકરાને ચઉદ, ચઉદ ભાગ અને દરેક છોકરીને સાત સાત ભાગ આપવા એટલે કુલ્લે ૧૩૬ ભાગ પુરા થઈ જશે. (સિરાજી)

<u>સવાલ :</u> ૨૦ એક માણસ ગુજરી ગયો. હવે તેની એક ઓરત અને એક છોકરો છે. એ સિવાય બીજું કોઈ નથી. તો દરેકને કેટલું મળશે ?

<u>જવાબ :</u> ૨૦ શરઈ હકો અદા કર્યા બાદ એટલે કફન, દફનનો ખર્ચ તથા કરઝ હોય તો તે બધું અદા કર્યા પછી અને જો વસીયત કરેલી હોય તો તે પણ મિલ્કતના ત્રીજા

ભાગમાંથી અદા કર્યા પછી જે કંઈ બચે, તે મર્હુમના કુલ્લે માલમાંથી આઠમો ભાગ મર્હુમની ઓરતને મળશે. બાકીનો સઘળો છોકરાને મળશે. રૂા. ૧ માંથી બે આના ઓરતને અને ચઉદ આના છોકરાને મળશે. (સિરાજી)

<u>સવાલ :</u> **૨૧** એક માણસ ગુજરી ગયો. તેની ઓરત, એક દીકરી, એક સાવકો ભાઇ છે. એ વગર બીજો કોઇ વારિસ નથી. તેઓને મરનારના માલમાંથી કેવી રીતે વહેંચણી કરી આપવી ?

<u>જવાબ :</u> **૨૧** પહેલાં મર્હુમના માલમાંથી શરઈ હકો અદા કર્યા બાદ મર્હુમની કુલ મિલ્કતના આઠ ભાગ કરવા. તેમાંથી એક ભાગ ઓરતને અને ચાર ભાગ દીકરીને અને ત્રણ ભાગ ભાઈને આપવા. (સિરાજી)

<u>સવાલ :</u> **૨૨** એક આદમી મરણ પામ્યો તેના વારિસો આ મુજબ છે, એક ઓરત, એક છોકરો, ત્રણ છોકરીઓ, મરનારે પોતાના વસીયતનામામાં લખ્યું છે કે મારા છોકરાને વારસા વતરોક (૧૦૦) પાઉંડ વધારે આપવાં.

<u>જવાબ :</u> **૨૨** પ્રથમ મર્હુમના માલમાંથી શરઈ હકો અદા કર્યા પછી મર્હુમની કુલ્લે માલ-મિલ્કતના ૪૦ ભાગ કરવા. તેમાંથી પાંચ ભાગ ઓરતને, ૧૪ ભાગ છોકરાને આપવા. અને સાત સાત ભાગ દરેક છોકરીને આપવા. એટલે ચાલીસ ભાગ પુરા થશે. છોકરાને એક સો પાઉન્ડ વધુ આપવાની જે વસીઅત કરી છે, તે બાતિલ છે. કારણ કે શરીઅતમાં વારિસ માટે (એટલે કે જેનો હક હિસ્સો સાબિત

છે તેના હકમાં) વસીયત જારી થતી નથી. પણ જો બધા વારસદારો મોટી ઉમરના આકિલ, બાલિગ હોય અને તેઓ પોતાની રાજીખુશીથી આ બાબત મંજુર રાખી તેને બક્ષિસ તરીકે આપી દે તો દુરસ્ત છે. નહિતર દુરસ્ત નથી. અને જો અમુક વારસો સગીર નાબાલિગ હોય તો પણ દુરસ્ત નથી. અને નાબાલિગોનું મંજુર રાખવું પણ માનવામાં આવશે નહિ તેમજ નાબાલિગો તરફથી વાલીને પણ મંજુર કરવાનો હક નથી. (ખુલાસતુલ ફતાવા, દુર્રે મુખ્તાર)

<u>સવાલ :</u> ૨૩ અત્રે જો કોઈ સ્ત્રી પોતાની મિલ્કત મૂકી ગુજરી ગઈ છે. તેના કુટુંબમાં તેની ૧ બહેન છે. ૧ ભાઈનો દીકરો છે. ૨ ભાઈની દીકરીઓ છે. ૩ કાકાના દીકરા છે, તો ગુજર પામેલી સ્ત્રીની મિલ્કતના તેઓ હકદાર હોય તો તે કૃપા કરી જણાવશો. ગુજર પામેલી સ્ત્રીને પોતાનો છોકરો કે છોકરી કોઈ નથી.

<u>જવાબ :</u> ૨૩ જો તેણીની ઔલાદ તેમજ ખાવિંદ ન હોય તો પ્રથમ શરઈ હકો અદા કર્યા બાદ મર્હુમાની મિલ્કતમાંથી અર્ધાની હકદાર તેણીની બહેન, અને અર્ધાનો વારિસ તેણીનો ભત્રીજો છે. ભત્રીજીઓ તથા કાકાના દીકરાઓને કંઈ મળશે નહિ. (સિરાજી)

<u>સવાલ :</u> ૨૪ એક માંણસ ગુજરી ગયો તેના બે ભાઈ એક બહેન છે. તેમાં એક ભાઈ સગો છે, બીજા ભાઈ બહેન છે તેમની મા જુદી અને બાપ એક છે. મર્હુમે શાદી કીધેલી છે. પણ છોકરાં નહિ હોવાથી બીજો ભાઈ જેની મા અલગ

અને બાપ એક છે. તેના નાના છોકરાને પોતાની દીકરા તરીકે પાળેલો છે. મર્હુમે પોતાની હયાતીમાં પાંચ માણસોની સામે વસીયત કીધી છે કે મારા ઈન્તેકાલ બાદ મારી માલ મિલ્કતનો હકદાર મારો પાળેલો છોકરો છે. એવી વસીયત પાંચ નેક માણસોની સામે કીધી છે તો હવે ખરા હકદાર કોણ અને કેટલા ?

<u>જવાબ :</u> ૨૪ મર્હુમે પોતાના વારિસોને છોડી સર્વે માલ મિલ્કતનો હકદાર પાલક છોકરાને નીમવા જે વસીયત કરી છે, તે શરીઅતની રૂએ બાતિલ છે. મરનાર પોતાની માલ મિલ્કતના ત્રીજા ભાગની વસીયત ગેરવારિસના માટે કરવા હક ધરાવે છે. પૂછેલી સૂરતમાં મર્હુમની માલ મિલ્કતમાંથી કફન, દફનનો ખર્ચ તથા કર્ઝ અને ત્રીજા ભાગની વસીયત બાદ કરતાં જે કઈ માલ, મિલ્કત બચશે તેમાંથી ચોથો ભાગ મર્હુમની ઓરતને મળશે અને બાકી માલ સગા ભાઈ (જે એક મા બાપથી છે તેને મળશે. સાવકો ભાઈ અને સાવકી બહેન જેમની મા અલગ અને બાપ એક છે. તેઓને મર્હુમના માલમાંથી કંઈ જ મળશે નહિ).

મર્હુમનો જો બે શરઈ મોઅતબર ગવાહો આગળ પાલક છોકરા માટે વસીયત કરી છે. તો કુલ માલમાંથી વસીઅતનો જે ત્રીજો ભાગ બાદ કરવામાં આવ્યો છે તે પાલક છોકરાને મળશે. (સિરાજી)

<u>સવાલ :</u> ૨૫ ઝિનાથી જે અવલાદ પેદા થઈ હોય તેને ઝિના કરનારનાં માલમાંથી વારસો મળશે કે કેમ ?

**જવાબ :** ૨૫ જે અવલાદ ઝિના એટલે હરામખોરીથી પેદા થઈ હોય તેને ઝિના કરનાર (વ્યભિચારી) થી વારસો મળશે નહિ. એટલે વલદુઝઝિના શરઈ હિસ્સાથી મહરૂમ છે. (કુતુબે ફરાઈઝ)

**સવાલ :** ૨૬ શું ફરમાવે છે, દીનના આલિમો આ મસઅલામાં કે રહેમાનખાં મરી ગયો. તેણે પોતાના ત્રણ છોકરાં હયાત છોડ્યા, ગુલઝારખાં, હુસેનખાં, દિલદારખાં અને એક છોકરો રસૂલખાં, મર્હુમ રહેમાનખાંની માલ-મિલ્કતમાથી કોને કોને મળશે. બાપની હયાતીમાં ગુજરી ગયેલા છોકરાની ઓરત બચ્ચાને હિસ્સો મળશે કે નહિ ? દરેકને રૂપિયામાંથી કેટલો હિસ્સો મળશે ? જો યતીમ પોતરાઓને ન મળે તો તેઓનો ખર્ચ કેવી રીતે ચાલે ?

**જવાબ :** ૨૬ મર્હુમ રહેમાનખાંની માલ મિલ્કતમાંથી શરઈ હકો અદા કર્યા બાદ જો મર્હુમની ઓરત કે દીકરી અથવા બીજો કોઈ વારીસ ન હોય તો એક રૂપિયાના ત્રણ હિસ્સા કરવા એટલે ગુલઝારખાં, દિલદારખાં, હુસેનખાં એ દરેકને પાંચ આના ચાર પાઈ મળશે. બાપની હયાતીમાં જે છોકરો રસૂલખાં ગુજરી ગએલો તેની ઔલાદ મહરૂમ છે. તેઓને કંઈ જ વારસો મળશે નહિ પણ જો મર્હુમ રહમાનખાંએ પોત્રાઓ માટે કંઈ વસીઅત કરી હોય તો તે કુલ મિલ્કતના ત્રીજા ભાગના બરાબર પહોંચે ત્યાં સુધી તેઓને આપવામાં આવશે. નહિતર તેઓ વારિસ કરતા નથી. મર્હુમના છોકરાઓને જોઈએ કે પોતાના મર્હુમ ભાઈ

રસૂલખાંની ઓરત, બચ્ચાઓ સાથે વાજબી એહસાન કરી બન્ને જહાનનો સવાબ હાસિલ કરવા ભાગ્યશાળી બને. એ યતીમો માટે બીજી કોઈ સુરત નથી. (સિરાજી)

**સવાલ :** ૨૭ એક માણસે એક ઓરત સાથે ઝિના કર્યો તેથી તેણીને છોકરો પેદા થયો પછી તે ઝિના કરનારે તે ઓરત સાથે નિકાહ કર્યા તો તે છોકરો બાપના માલમાંથી હિસ્સેદાર થશે ? અને જો ઝિનાથી હમલ રહ્યું હોય અને તે જ ઓરતની સાથે હમલની હાલતમાં નિકાહ પઢે તો એવી સૂરતમાં તે હમલનું બચ્ચું વારિસ થશે ?

**જવાબ :** ૨૭ જે ઓરતથી ઝિના એટલે હરામખોરી કીધી અને અવલાદ પેદા થઈ પછી તેની સાથે નિકાહ કીધા તો પણ નિકાહથી પહેલાંની અવલાદ હરામની જ ગણાશે. અને તેને બાપની મીરાસ મળશે નહિ. એવી જ રીતે ઓરત સાથે ઝિના કરતાં હમલ રહ્યો તે પછી નિકાહ કર્યા તો અગર નિકાહ થયા પછી છ માસ અથવા વધુ મુદ્દત બાદ બાળક પેદા થયું તો તેનું નસબ સાબિત થશે. અને તેને વારસો મળશે, પણ જો નિકાહ થવા પછી છ માસની અંદર બાળક પેદા થઈ ગયું તો તે હરામનું જ ગણાશે અને વારસાનો હકદાર થશે નહિ. (મિરાસુલ મુસ્લેમીન)

**સવાલ :** ૨૮ એક માણસ થોડી ઘણી મિલ્કત મુકી મરી ગયો અને પાછળ એક ઓરત, ચાર છોકરા, બે છોકરીઓ મુકી છે. તો એ મિલ્કતમાંથી ઓરતને કેટલો ભાગ અને છોકરા છોકરીઓને કેટલા કેટલા આના ભાગ મળશે ? અને

ઓરત ઝકાત આપે તો તેને હુકમ છે કે નહિ ? છોકરીઓ ઉપર મળે નહિ અને છે તો ક્યારે ફર્ઝ થાય અને છોકરા ઉપર ક્યારે થાય ?

<u>જવાબ :</u> ૨૮ મર્હુમની મિલ્કતમાંથી કફન દફનનો ખર્ચ તથા જે કાંઈ કરજ હોય તે બાદ જતાં જે કંઈ બચે તેમાંથી આઠમો ભાગ ઓરતને એટલે રૂપિયામાંથી બે આના મળશે. બાકીમાંથી દરેક છોકરાને દરેક છોકરી કરતાં બમણો ભાગ મળશે. એટલે કે આ સૂરતમાં કુલ મિલ્કતના ૮૦ ભાગ કરવા મર્હુમની ઓરતને ૧૦ હિસ્સા, દરેક છોકરાને ૧૪ હિસ્સા અને દરેક છોકરીને ૭ હિસ્સા મળશે. (સિરાજી) દરેકને એટલો માલ મળે જેના ઉપર શરીઅતની રૂએ ઝકાત ફર્ઝ થાય છે, પછી તે રોકડ નાણાં હોય અથવા સોનું, ચાંદી હોય, તો તેના ઉપર એક વર્ષ પુરૂં ગુજરે ત્યારે ઝકાત ફર્ઝ થશે. પણ જો છોકરા છોકરી નાબાલિગ (ઉમર લાયક ન હોય) તો બાલિગ એટલે પંદર વર્ષનાં થતાં સુધી તેના ઉપર ઝકાત ફર્ઝ થશે નહિ. (દુર્રે મુખ્તાર)

<u>સવાલ :</u> ૨૯ એક માણસ પોતાની હયાતીમાં (જેના મા-બાપ હયાત નથી) પોતાની ચુકતે માલ મિલ્કત પોતાના વારિસદારોને શરીઅતે મુહમ્મદી (સ.અ.વ.) પ્રમાણે વહેંચવા માંગે છે. તો તેમાંથી પોતાનો કેટલો હિસ્સો કાઢી શકે ? ઓરત છે, છોકરાઓ છે, છોકરીઓ છે. હવે પોતાની મિલ્કતમાંથી પોતાનો હિસ્સો કાઢી લીધા પછી ઉપરના વારિસદારોમાં વહેંચણી કરી શકે કે નહિ ?

**જવાબ :** ૨૯ હયાતીમાં વારિસદારોને વારસાની રીતે (દરેકને તેના હિસ્સા મુજબ એટલે છોકરાને ડબલ ને છોકરીને સીંગલ વહેંચવું) હનફી મઝહબમાં મકરૂહ છે. હયાતીમાં વારિસદારોને જે આપવામાં આવે છે, તે બક્ષિસ છે. માટે હયાતીમાં દીકરો-દીકરી દરેકને સરખે ભાગે આપવું જોઈએ. છતાં જો વારસાના હિસાબસર આપશે તો કરાહત, સાથે થઈ જશે. વળી પોતાના માટે જેટલું રાખવા ચાહે તેટલું રાખી શકે છે. એમાં કંઈ વાંધો નથી. વસીયતમાં એ શર્ત છે, કે ત્રીજા ભાગથી વધુ વસીયત કરે નહિ અને કરશે તો રદ ગણાશે. અને વસીયત વારિસદાર માટે જાઈઝ નથી. બીજું એ કે જે મિલ્કત પોતાના માટે રાખેલી હશે, તેમાંથી પણ રઝા, કઝા વેળા (એટલે કે તેના મૃત્યુ પછી પણ) જેટલા શરઈ વારિસ મવજુદ હશે તેમને શરીઅતના ઠેરવેલા નિયમ મુજબ વારસાઈ હક મળશે. અને જે માલ પોતે રાખેલો છે તે બધા માલની વસીયત ચાલશે નહિ. પણ જો પોતાની પાસે રાખેલી મિલ્કત પોતાની હયાતીમાં વકફ કરી દેશે. તો તે વકફ રહેશે. પછી તેમાં વારસા વહેંચણી થશે નહીં. એવા વકફમાં એમ પણ શર્ત કરી શકે છે કે હું જીવતો રહું ત્યાં સુધી વકફની પુરી આમદની અથવા અમુક રકમ મારા નિભાવ સારૂં ખર્ચ કરૂં. અને મારા મરણ પછી એ રકમ મસ્જીદ અથવા મદ્રસામાં કે ગરીબોને આપવામાં આવે એવી રીતે વકફ કરી શકે છે.

**સવાલ :** ૩૦ એક માણસ ગુજરી ગયો તેની પાછળ નીચે જણાવેલા હકદારો છે. એક છોકરો ત્રણ છોકરી, એક

ઓરત, એક સગો ભાઈ, એક દુધભાઈ, એક સાવકીબેન, તો શરએ મુહમ્મદી મુજબ દરેકનો કેટલો હિસ્સો લાગે ?

**જવાબ :** ૩૦ પ્રથમ શરઈ હકો અદા કર્યા પછી મર્હુમની કુલ્લે મિલ્કતના ચાલીસ ભાગ કરવા જેમાંથી પાંચ ભાગ ઓરતને, ચઉદ ભાગ છોકરાને, દરેક છોકરીને સાત સાત ભાગ આપવા, એટલે ચાલીસ ભાગ પુરા થઈ ગયા. એ સિવાય બીજાઓને કંઈ પણ મળશે નહિ. (સિરાજી)

**સવાલ :** ૩૧ મારા બાપ ગુજરી ગયા છે. તેમની મિલ્કત અંદાજ રૂા. (૧૦૦૦) નું મકાન મુકી ગએલ છે. અને અમારા બાપ ઉપર કરજ અંદાઝ રૂા. ૧૧૦૦ થી ૧૨૦૦ નું છે. મારા ઓરમાણભાઈ બે, સગી બહેન બે, તથા એક માતૃશ્રી તથા બીજા સગા-વહાલાઓ છે. હવે તેનું મોહમેડન લો પ્રમાણે કેવી રીતે નિવારણ કરવું એ લખશો.

**જવાબ :** ૩૧ પૂછેલી સૂરતમાં તે ઘરની કીમતથી સૌથી પહેલાં મરનારને માથે જે કરઝ છે, તે અદા કરવું જરૂરી છે. તેની કીંમત અદા કરવા છતાં અગર મરનાર પર કરઝ બાકી રહે તો માગનારને સમજાવી માફ કરાવી લે. અથવા વારિસો હેસિયતવાળા હોય તો પોતાની ખુશીથી પોતાની રકમ વડે મરનારનું બાકી રહેલું કરઝ પણ અદા કરે. એ ઘણું બહેતર અને સવાબનું કામ છે. (એટલે કે મૃત્યુ પછીની મીલ્કત કરતા કરજ વધારે છે તો કરજ પ્રથમ અદા કરવામાં આવશે. વારસદારોને કાંઈ પણ નહીં મળે.) (કુતુબે ફિકહ)

**સવાલ :** ૩૨ વલદુઝ ઝિનાને બાપ તથા મા બન્ને

તરફથી વારસો મળશે કે નહિ ?

**જવાબ :** ૩૨ ઝિનાથી પેદા થએલાનો નસબ માના તરફથી સાબિત થાય છે, માટે માના માલનો વારિસ થશે. બાપ એટલે ઝાનીના માલમાંથી વારિસ થશે નહિ. (દુર્રે મુખ્તાર)

**સવાલ :** ૩૩ દાદાના ઈન્તેકાલને ૩૩ વર્ષ થયાં છે. તે વખતે બીજા વારિસદારો જીવતા હતા. હાલ (૧) પોત્ર (૧) દીકરાની વહુ (૨) બે પૌત્રીઓ, (૩) ત્રણ દીકરીઓ છે, તો તેની મિલ્કત વહેંચવામાં શું કરવું ?

**જવાબ :** ૩૩ અસલ મરનાર દાદાના ગુજરી જવાના વખતે તેના શરીઅતની રૂએ જે જે વારિસો હતા તે સૌને વારસો મળશે. ફરી તેમાંથી જે કોઈ ગુજરી જશે, તેના વારિસોને તેના ભાગમાંથી વારસો મળશે. સવાલમાં પુરતો ખુલાસો નહિ હોવાથી જવાબ વિગતવાર લખી શકતા નથી.

**સવાલ :** ૩૪ એક ઓરત ગુજરી ગઈ તેના વારિસોમાં તેની બે બહેનો છે. અને બે ભત્રીજા છે, તો વહેંચણી કેવી રીતે કરવી.

**જવાબ :** ૩૪ સૌથી પહેલાં શરઈ હકો અદા કર્યા પછી મર્હુમાના માલના ૬ ભાગ કરવા, તેમાંથી ૪ ભાગ બંને બહેનોને બે ભાગ, બાકીના બે ભાગમાંથી દરેક ભત્રીજાને એક એક ભાગ મળશે. (સિરાજી)

**સવાલ :** ૩૫ એક માણસ મરી ગયો. તેણે પોતાની પાછળ એક ઓરત, એક દીકરો, અને એક દીકરી મૂક્યાં, તો

તેની મિલ્કતની વહેંચણી કેવી રીતે કરવી ?

**જવાબ :** ૩૫ પ્રથમ શરઈ હકો અદા કરવા. ત્યાર બાદ મર્હુમની કુલ મિલ્કતના ૨૪ ભાગ કરવા. તેમાંથી ૩ ભાગ ઓરતને, ૧૪ ભાગ છોકરાને અને ૭ ભાગ છોકરીને આપવા. (કુતુબે ફરાઈઝ)

**સવાલ :** ૩૬ અહમદ નામનો માણસ ગુજરી ગયો. તેણે પોતાની પાછળ એક ઓરત, પોતાની મા, દીકરો, અને એક બહેન મુક્યા. તો તેની મિલ્કતની વહેંચણી કેવી રીતે થશે ?

**જવાબ :** ૩૬ સૌથી પહેલા શરઈ હકો અદા કરવા. તે પછી મર્હુમની કુલ મિલ્કતના ૨૪ ભાગ કરવા. તેમાંથી ત્રણ ભાગ ઓરતને, ૪ ભાગ મર્હુમની માને, બાકીના ૧૭ ભાગ મર્હુમના દીકરાને આપવા. બહેનને કંઈ મળશે નહિ. (કુતુબે ફરાઈઝ)

**સવાલ :** ૩૭ એક માણસ ગુજરી ગયો તેની પાછળ તેની ઓરત, બે છોકરા, એક છોકરી, એક બહેન છે. હવે મરનારની માલ-મિલ્કત કેવી રીતે વહેંચવી ?

**જવાબ :** ૩૭ પ્રથમ શરઈ હકો અદા કર્યા બાદ મર્હુમની કુલ મિલ્કતના ૪૦ ભાગ કરવા. એમાંથી ૫ ભાગ ઓરતને, દરેક છોકરાને ચઉદ, ચઉદ ભાગ અને ૭ ભાગ છોકરીને આપવા. મરનારની બહેન મહરૂમ છે. તેણીને કંઈ મળશે નહિ. (સિરાજી)

**સવાલ :** ૩૮ એક બાઈ ગુજરી ગઈ. તેણે પોતાની

પાછળ એક છોકરી અને એક ભત્રીજો છોડ્યો તથા પોતાના માલમાંથી ત્રીજો ભાગ ભત્રીજાના છોકરાને આપવા વસીયત કરી. દરેકને કેટલું પહોંચશે ?

<u>જવાબ</u> : ૩૮ મર્હુમા બાઈના કફન, દફનનો ખર્ચ બાદ કર્યા પછી કુલ માલનો ત્રીજો ભાગ વસીયત મુજબ તેના ભત્રીજાના છોકરાને આપવામાં આવશે. તે પછી જે કંઇ બચે તેમાંથી અડધો માલ તેણીની છોકરીને મળશે, અને બાકીનો અડધો માલ તેણીના ભત્રીજાને મળશે. એ જ પ્રમાણે કુતુબે ફરાઇઝમાં છે.

<u>સવાલ</u> : ૩૯ શું ફરમાવે છે દીનના આલિમો અને શરએ મતીનના મુફતીઓ આ મસઅલામાં કે ઝૈદની શાદી આએશાહ બીબી સાથે થઈ અને તેણીને પોતાના બાપના વારસામાં રૂા. ૩૦૦૦ મળ્યા હતા. તે પોતાના ધણીને વહેપાર માટે આપ્યા પણ ઝૈદને વહેપારમાં નુકશાન થયું. અને જે બચેલા તે આએશાહબીબીની બીમારી પાછળ દવામાં ખરચાઈ ગયા પછી તેણી ગુજરી ગઇ. તેણીના ગુજરતી વખતે ઝૈદે બધું ઝેવર તેણીના ભાઇ અમનને અમાનત રાખવા આપ્યું. જેમાંથી રૂા. ૧૨૦૦ નું ઝેવર મજકુર ધણીનું છે. અને લગભગ રૂા. ૧૨૦૦ થી ૧૩૦૦ સુધીનું મર્હુમાને તેણીના બાપ તરફથી મળેલું હતું. એ બધું ઝેવર મર્હુમાના ભાઇના કબઝામાં છે. હવે જ્યારે મજકુર ધણીએ ઝેવર માંગ્યું તો મર્હુમાનો ભાઇ જે વકીલ છે તે કહે છે. વારસામાં મારી બહેનને જે રૂા. ૩૦૦૦ મળેલા હતા તેમાં રૂા. ૧૫૦૦ નો મારો હક છે. માટે રૂા.

૧૫૦૦ આપી તમારી ૧૨૦૦ ની રકમ પાછી લઇ શકો છો. અને જે ઝેવર મર્હુમાએ પોતાના બાપ તરફથી મેળવેલું છે તેમાં તમારો કંઈ હક નથી. પણ તે એનો ફેસલો શરીઅત મુજબ કરવા રાજી છે. વળી મર્હુમાએ મરતી વખતે પોતાના ભાઇને પણ કહેલું કે જે ઝેવર તમારી પાસે અમાનત છે તે મારા ધણીને આપી દેજો.

<u>જવાબ :</u> ૩૯ સવાલમાં લખેલી હકીકતથી જણાય છે કે મર્હુમા આએશાએ પોતાની હયાતીમાં ધણીને જે રૂા. ૩૦૦૦ વહેપાર માટે આપેલા તે બિલકુલ આપી દીધા જ હતા કે ધણી એનાથી વહેપાર રોજગાર કરી પૈસા કમાવે જેથી ઘર ખર્ચ ચલાવીશું પણ નસીબ જોગે વહેપારમાં નુકસાન આવ્યું અને બાકીના મર્હુમાની બીમારીમાં ખર્ચ થયા. વળી મર્હુમાએ મરતી વેળા ન તો એ વિષે કંઈ કહ્યું કે મેં કરઝ આપેલા હતા, જે બાકી છે, જેમ કે ધણીને તેનું ઝેવર આપી દેવા પોતાના ભાઇને વસીયત કરી. એ ઉપરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે એ રૂપિયામાંથી મર્હુમાના ભાઇને કંઇ પણ માગવાનો હક નથી. માટે ધણીનું ઝેવર તેને આપી દેવું જોઇએ જે મર્હુમાની વસીયતથી જણાય છે કે ધણીનું ઝેવર બક્ષિસ ન હતું. બલ્કે માત્ર પહેરવા માટે આપેલું હતું. અને ગુજરાતમાં ઘણી જગ્યાએ એવો જ રિવાજ છે. પણ જે ઝેવર મર્હુમાને પોતાના બાપ તરફથી વારસામાં મળેલું તેમાં બન્ને વારિસદારો છે. જો બાઇને કાંઇ અવલાદ ન હોય, તો અર્ધુ ધણીને અને અર્ધુ બાઇના ભાઇને મળશે એ જ પ્રમાણે અગર મર્હુમાની

મહેર બાકી હશે તો તેમાંથી પણ અર્ધાનો હકદાર ભાઈ છે. અલ્લાહ વધુ જાણનાર છે. જો હજુ કોઈ બાબતની તહકીક દરકાર હોય તો વિગતવાર લખી પૂછી લેશો. (સિરાજી)

**સવાલ :** ૪૦ શું ફરમાવે છે દીનના આલિમો આ મસઅલામાં કે એક માણસ ચાંદભાઈ નામી ઘણાં વરસ થયાં ગુજરી ગયા છે. મર્હુમની મિલ્કતમાં માત્ર એક મકાન છે. જેમાં મર્હુમની ઓરત રહે છે. તે મકાન મસ્જીદમાં વકફ કરવા ઓરત ચાહે છે. અને જમાઅત તે મકાન લેવા તૈયાર છે. તેનો વારિસ છોકરો હતો તે પણ ગુજરી ગયો. ફક્ત મર્હુમની ઓરત અને મર્હુમના કાકાના ભાઈનો એક છોકરો છે એ છોકરાને પણ તેમાંથી કંઈ મળી શકે કે નહિ ? તેને અને ઓરતને શું મળશે ? અગર સઘળું મકાન ઓરતના હકનું છે તો તે દઈ દેવા ચાહે છે જમાઅતના લોકો દસ્તાવેઝ કરવા ચાહે છે. તો દસ્તાવેઝ કેવી રીતે લખાય ?

**જવાબ :** ૪૦ પૂછેલી સૂરતમાં શરઈ હકો અદા કર્યા બાદ ચાંદભાઈના બે વારિસોને બાકી રહેલી મિલ્કતમાંથી નીચે મુજબ મળશે. આઠમો ભાગ ઓરતને અને બાકી છોકરાને મળશે એટલે રૂા. ૧ માંથી ઓરતને બે આના અને છોકરાને ૧૪ આના મળશે. પછી છોકરો ગુજરી ગયો, તો તેને કંઈ બીબી, બચ્ચાં ન હોય અને મા સગી હોય, સાવકી ન હોય તો પ્રથમ શરઈ હકો અદા કર્યા બાદ તેને મળેલા ૧૪ આનામાંથી જે બચે તેમાંથી માને ત્રીજો ભાગ મળશે, અને બાકીનો હકદાર ચાંદભાઈના કાકાનો દીકરો છે. ચાંદભાઈની

ઓરત **પોતાનો હક** મસ્જીદમાં વકફ કરી શકે છે. અને પોતાના વસીયતનામામાં વકફ તરીકે પોતાનો હક લખી શકે છે. પણ આ ઘરની માલિક બાઈ નથી, માટે પોતાનો હક વેચી આખું મકાન વકફ કરી દે. હજી પણ કોઇ વાત પૂછવાની જરૂર જણાય તો પૂછશો. (દુર્રે મુખ્તાર, સિરાજી)

**સવાલ :** ૪૧ મારા સગા કાકા આજથી સાત વર્ષ પર અમૂક મિલ્કત મૂકી ગુજરી ગયા હતા. તેમને ઓરત તથા અવલાદ હયાત નથી તો ગુજરી ગયા તે વખતે તેમના હકીકી ભાઈની ઓલાદમાં છોકરો (હું) તથા ત્રણ છોકરીઓ અને અમારી અમ્મા (મર્હુમની ભોજાઇ) હયાત હતા. હાલમાં અમારી અમ્મા આજથી પાંચ વર્ષ પર અને બહેન ત્રણ વર્ષ પર ગુજરી ગયા છે. મર્હુમા બહેનનો ખાવિંદ અને બે નાબાલિગ છોકરા હયાત છે.

**જવાબ :** ૪૧ અગર સવાલમાં લખેલી હકીકત ખરી હોય મર્હુમ કાકાના માલમાંથી કફન દફનનો ખર્ચ તથા કર્ઝ હોય તો તે અને જો વસીયત કરી હોય તો તે ત્રીજાં ભાગ સુધીમાંથી અદા કર્યા પછી જે બચે તે બધા માલનો વારિસ તેનો ભત્રીજો છે. ભત્રીજીઓ અને ભોજાઇને કંઇ મળશે નહિ. એવી જ રીતે કુતુબે ફરાઈઝમાં છે.

**સવાલ :** ૪૨ એક માણસ ગુજરી ગયો તેની પાછળ વારિસોમાં બે ઓરતો, ચાર છોકરા અને એક છોકરી છે. બીજું કોઇ નથી. તો દરેકને કેટલો હિસ્સો મળશે ?

**જવાબ :** ૪૨ મર્હુમના કફન દફન ઉપર થયેલો ખર્ચ

અને કરઝ હોય તો તે તથા વસીયત હોય તો તે ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ મર્હુમનો જે કંઈ માલ બચે તેના ૧૪૪ ભાગ કરવા. તેમાંથી આઠમો ભાગ ૧૮, બંને ઓરતો વચ્ચે (એટલે દરેકને ભાગ ૯) અને દરેક છોકરાને ભાગ ૨૮ અને છોકરીને ભાગ ૧૪ આપવા. એ મુજબ કુલ્લે ૧૪૪ ભાગ પુરા થયા. **જો ઓરતોની મહેર બાકી હોય તો તે વારસાની વહેંચણી કરવા પહેલા આપવી. પછી ભાગ પાડવા** અને મહેરની રકમ વતરોક આ હિસ્સા વારસા તરીકે આપવા. (સિરાજી, શરીફીયહ, તસ્હીલુલ ફરાઈઝ)

**<u>સવાલ :</u> ૪૩** એક ઓરત ગુજરી ગઈ તેણે એક ધણી, બે દીકરા, એક સગો ભાઈ, બે સગી બહેનો છોડી છે. તેના માલમાંથી દરેકને કેવી રીતે મળશે ?

**<u>જવાબ :</u> ૪૩** મર્હુમાના કફન, દફનનો ખર્ચ અને કરઝ હોય તો તે તથા વસીયત હોય તો તે ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ જે કંઈ બચે તેમાંથી ચોથો ભાગ ધણીને અને બાકીમાંથી સરખે ભાગે બન્ને દીકરાઓને એટલે રૂપીયામાંથી ચાર આના ધણીને અને દરેક દીકરાને છ, છ આના આપે. મર્હુમાના ભાઈ બહેનોને કંઈ મળશે નહિ. (કુતુબે ફરાઈઝ)

**<u>સવાલ :</u> ૪૪** એક માણસ ગુજરી ગયો તેના વારિસોમાં એક બાપ, એક નાનો સગો ભાઈ અને બહેન છે. તો શરીઅત મુજબ વહેંચણી કેમ કરવી ?

**<u>જવાબ :</u> ૪૪** શરઈ હકો અદા કર્યા બાદ જે કંઈ બચે તે બધો માલ બાપને મળશે. બીજાઓને કંઈ મળશે નહિં.

(સિરાજી)

**સવાલ :** ૪૫ એક ઓરત ગુજરી ગઈ તેના વારિસોમાં એક મા, એક છોકરી, બે સગી બહેનો છે. તો શરીઅત મુજબ વહેંચણી કેમ કરવી ?

**જવાબ :** ૪૫ જો બીજા કોઈ વારિસ ન હોય તો શરઈ હકો અદા કર્યા પછી કુલ માલના ૬ ભાગ કરવા. તેમાંથી એક ભાગ માને, ત્રણ ભાગ છોકરીને અને દરેક બહેનને એક એક ભાગ આપવા. (સિરાજી)

**સવાલ :** ૪૬ એક માણસ ગુજરી ગયો તેના વારિસોમાં એક ઓરત, એક દીકરી, ચાર ભાઈ, એક બહેન છે, તો શરીઅત મુજબ વહેંચણી કેમ કરવી ?

**જવાબ :** ૪૬ શરઈ હકો અદા કર્યા પછી જે માલ બચે તેના ૨૪ ભાગ કરવા તેમાંથી મર્હુમની ઓરતને ૩ ભાગ, છોકરીને ૧૨ ભાગ, દરેક ભાઈને બે બે ભાગ અને બહેનને ૧ ભાગ મળશે. (કુતુબે ફરાઈઝ)

**સવાલ :** ૪૭ મારા બાપની બે બૈરીઓ હતી. મારા બાપના મરણ વખતે એક મિલ્કત હતી. હવે તે મિલ્કત મારી સાવકી માએ પોતાના ભાઈને વેચાણ આપી દીધી. (ખુદા જાણે તે વેચાણના પૈસા આપ્યા હતા કે નહિ ?) હવે તે મિલ્કત મારી સાવકી માના ગુજરી જવાથી સાવકી મા ના ભાઈએ લઈ લીધી છે. તો એ મારા બાપની મિલ્કતમાં મારો હિસ્સો ખરો કે કેમ ? અને તે કેટલો ? મારી મા આફ્રિકામાં છે.

**જવાબ :** ૪૭ જો તમારા બાપ પોતાની હયાતી અને

તંદુરસ્તી દરમ્યાન તમારી સાવકી માને બક્ષિસ તરીકે એ મિલ્કત આપી સ્વતંત્ર માલિક બનાવીને કબજો આપી દીધો હોય તો એવી હાલતમાં તે મિલ્કત તમારી સાવકી માની ગણાશે. પણ જો એમ ન થયું હોય, તો તે મિલ્કતના હકદાર તમે તથા તમારી સગી મા તેમજ સાવકી મા થશે. એ સૂરતમાં તમારી સાવકી માએ મજકુર ઘર વેચેલું રદ કરવામાં આવશે. જો ફક્ત તમે ત્રણજ વારિસ હોવ તો તે મિલ્કતનો ૮ મો ભાગ તમારી બન્ને માઓ વચ્ચે અને બાકીનો હિસ્સો તમારો એટલે રૂા. ૧ માંથી રૂા. બાર આના તમારા. (કુતુબે ફિકહ)

<u>સવાલ</u> : ૪૮ એક જણ મરણ પામ્યો તેણે પોતાની પાછળ એક નવાસો, એક કાકાની છોકરી, એક કાકાના ભાઇના ત્રણ છોકરાઓ ને એક છોકરી, બીજા કાકાભાઇના ચાર નવાસા અને ચાર નવાસીઓ છોકરા હવે શરઇ મુજબ વહેંચણી કેવી રીતે કરવી?

<u>જવાબ</u> : ૪૮ મજકુર મસઅલામાં પ્રથમ મર્હુમના દફનનો ખર્ચ ને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગમાંથી એ સર્વે બાદ કર્યા પછી જે કંઈ માલ બચે તે કાકાભાઇના ત્રણ છોકરાને મળશે. એટલે ત્રણને સરખે ભાગે વહેંચવામાં આવશે. કારણ ત્રણે મર્હુમના અસ્બહ છે. અને બાકીના જે સવાલમાં જણાવવામાં આવ્યા છે તેઓ ઝવીલ અર્હામ છે. માટે અસ્બહની મવજુદગીમાં ઝવીલ અર્હામને કંઈ મળશે નહિ. (સિરાજી)

**સવાલ :** ૪૯ એક શખ્સ ગુજરી ગયો. તેમના વારિસદારો આ પ્રમાણે છે. એક ઓરત, ચાર છોકરાઓ, પાંચ છોકરીઓ.

**જવાબ :** ૪૯ પ્રથમ શરઈ હકો અદા કર્યા બાદ તથા કરજ, વસીયત વગેરે અદા કર્યા બાદ જે કંઈ બચે તેના ૧૦૪, ભાગ કરવા. તેમાંથી ૧૩ ભાગ મર્હુમની ઓરતને, અને ૧૪ ભાગ, દરેક છોકરાને એટલે ચાર છોકરાને ૫૬, અને ભાગ ૭-૭ દરેક છોકરીને એટલે પાંચ છોકરીઓને ૩૫ ભાગ, મળશે. કુલ્લે ૧૦૪ ભાગ પુરા થયા એવી રીતે વહેંચણી કરવી. (સિરાજી)

**સવાલ :** ૫૦ એક બાઈ ગુજરી ગઈ તેને અવલાદ કે ધણી કોઈ નથી. સગી મા છે, અને સગી ત્રણ બહેનો છે. અને સાવકી (બીજી માના) ચાર ભાઈ છે. અને સાવકી (બીજી માની) એક બહેન છે. તો હવે મર્હુમાનો વારસો કેવી રીતે વહેંચવો ?

**જવાબ :** ૫૦ પ્રથમ મર્હુમાના માલમાંથી શરઈ હકો અદા કર્યા બાદ મર્હુમાનો જે માલ બચે તેના ૫૪ ભાગ કરવા. એમાંથી છઠો ભાગ એટલે ૯ ભાગ મર્હુમાની માને, ૧૨-૧૨ ભાગ દરેક સગી બહેનને અને બે બે ભાગ દરેક બીજી માના ભાઈને અને એક ભાગ બીજી માની બહેનને આપવા, એટલે ૫૪ ભાગ પુરા થયા. (સિરાજી)

**સવાલ :** ૫૧ એક માણસ ગુજરી ગયો. હવે તેની ઓરત છે અને તેના કાકાના છોકરા છે. મર્હુમની ઓરત પણ

કાકાની છોકરી છે. તો વારસો કેવી રીતે વહેંચવો ? બીજો કોઇ વારિસ નથી.

**જવાબ :** ૫૧ મર્હુમના કફન, દફનનો ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત કીધી હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી, એ સર્વે બાદ કર્યા પછી જે કંઇ બચે તેમાંથી મર્હુમની ઓરતને ચોથો ભાગ, બાકીના ત્રણ ભાગ કાકાના છોકરાઓને મળશે. એટલે રૂપીયા એકમાંથી ચાર આના મર્હુમની ઓરતને અને બાર આના કાકાના છોકરાઓને મળશે. અને જો ઓરતની મહેર બાકી હશે તો તે વારસા વહેંચણી કરવા પહેલાં અદા કરવી ઝરૂરી છે.

**સવાલ :** ૫૨ કાઝી રસૂલ ગુજરી ગયા તેમનો એક છોકરો કાઝી હબીબુલ્લાહ અને બે છોકરીઓ એક મરયમબીબી બીજી ખયરૂનબીબી છે. તો વારસો કેવી રીતે વહેંચવો ?

**જવાબ :** ૫૨ પ્રથમ શરઈ હકો (ઝરૂરી કફન, દફન, કર્ઝ અને વસીયત ત્રીજા ભાગમાંથી) અદા કર્યા બાદ મર્હુમ કાઝી રસૂલના માલના ચાર ભાગ કરવા, તેમાંથી બે ભાગ દીકરા કાઝી હબીબુલ્લાહને, એક ભાગ છોકરી મરિયમબીબીને અને બાકીનો એક ભાગ બીજી છોકરી ખયરૂનને મળશે. (સિરાજી)

**સવાલ :** ૫૩ મુસાજી નામના માણસ ગુજરી ગયા. તેમની એક ઓરત મરિયમ, એક છોકરો યુસુફ, એક છોકરી ફાતિમા, બીજી છોકરી ખદીજા, ત્રીજી છોકરી અમિના છે.

વારસાની વહેંચણી કેવી રીતે કરવી ?

**જવાબ :** ૫૩ કફન, દફન અને કર્ઝ તથા મહેર બાકી હોય અને મર્હુમની વસીયત હોય તો તે ત્રીજા ભાગ સુધીના માલમાંથી, એ સર્વે અદા કર્યા બાદ જે માલ બચે તેના ૪૦ ભાગ કરવા. તેમાંથી ૫ ભાગ મર્હુમની ઓરતને અને ૧૪ ભાગ છોકરા યુસુફને અને સાત, ભાગ દરેક છોકરીને આપવા. (સિરાજી, કુતુબે ફરાઈઝ)

**સવાલ :** ૫૪ એક માણસ ગુજરી ગયો. વારિસોમાં એક વિધવા અને દાદીનો ભત્રીજો એટલે કે મર્હુમના બાપના મામાનો છોકરો હયાત છે આ સીવાય વારિસોમાં કોઈ નથી. તો મર્હુમની માલની વહેંચણી કઇ રીતે કરવી ?

**જવાબ :** ૫૪ પૂછેલી સુરતમાં મર્હુમની વિધવાને ચોથો ભાગ મળશે અને બાકીના ત્રણ ભાગ મર્હુમની દાદીના ભત્રીજાને કિંવા મર્હુમના બાપના મામાના છોકરાને મળશે કેમકે બાપના મામાનો છોકરો ઝવીલ અરહામમાં શામિલ છે. (દુર્રે મુખ્તાર શામી સાથે ભાગ-૧ પાનું ૬૯૬)

**સવાલ :** ૫૫ એક માણસ ગુજરી ગયો અને તેના વારિસોમાં એક તેની ઓરત, એક છોકરી અને એક સાવકી બ્હેન છે અને કાકાના પોત્રાઓ એટલે કાકાભાઈના છોકરાઓ છે. તો વારસાની વહેંચણી કેવી રીતે કરવી ?

**જવાબ :** ૫૫ વારસા વહેંચણી અગાઉના હકો (ઝરૂરી કફન, દફન, કર્ઝ વસીયત ત્રીજા ભાગમાંથી) અદા કર્યા બાદ મર્હુમની બાકી મિલ્કતના આઠ ભાગ કરવા. તેમાંથી એક

ભાગ મર્હુમની ઓરતને અને ૪ ભાગ છોકરીને અને બાકીના ત્રણ ભાગ સાવકી બહેનને મળશે. કાકાના પોત્રાઓ મહરૂમ (અભાગ્ય) છે. અગર ઓરતની મહેર બાકી હશે તો વારસા ઉપરાંત ઓરતને આપવી પડશે. (સિરાજી)

**સવાલ :** ૫૬ મર્હુમાબાઈ "ફાતમા" ના બે ભત્રીજા, એક ભાણેજ, એક નવાસી એ સિવાય બીજો કોઈ નઝદીકનો સગો નથી. મર્હુમાબાઈ ફાતમાની મિલ્કતમાં બે શેર ટાપ્ટીવેલીના અને એક મકાન છે ઉપર દર્શાવેલા ચાર વારિસો મજકુર મીરાસમાંથી કોણ અને કેટલો હકદાર છે ? પરંતુ લક્ષમાં લેવા જેવી બાબત એ છે કે મર્હુમાબાઈ ફાતેમાએ મરણ અગાઉ દસ બાર દિવસ પહેલાં નીચે દર્શાવેલા ત્રણ માણસો સમક્ષ જેમાં એક મર્દ અને બે સ્ત્રીઓ છે કે "જો અગર મારી વફાત થઈ જાય તો મારી નવાસીને ટાપ્ટીવેલીનો એક શેર અને એક મકાન આપવું". મજકુર મસઅલામાં શરીઅતે પાકનો શો હુકમ છે તે ઉપર પ્રકાશ નાખવા નમ્ર વિનંતી છે.

**જવાબ :** ૫૬ પ્રથમ શરઈ હકો અદા કર્યા બાદ એટલે, કફન, દફનનો ખર્ચ બાદ કરી મર્હુમાના માલના સરખે ભાગે ત્રણ ભાગ કરવા. જેમાંથી એક ત્રીજો ભાગ મર્હુમાની વસીયત મુજબ નવાસીને આપવો, બાકીનો એક એક ભાગ બન્ને ભત્રીજાને મળશે. ભાણેજને કાંઈ મળશે નહિં. તેમજ નવાસી માટે ત્રીજા ભાગથી વધુ વસીયત બાતિલ છે. (સિરાજી)

<u>સવાલ :</u> ૫૭ અમારે ત્યાં એક સૈયદ સાહેબ ગુજરી ગયા પોતાની પાછળ એક ઓરત, બે છોકરીઓ, એક બહેન અને બે ભત્રીજા છોડ્યા. વારસો કેવી રીતે વહેંચવો ?

<u>જવાબ :</u> ૫૭ વારસા વહેંચણી અગાઉના હકો (ઝરૂરી કફન, દફન, કર્ઝ વસીયત ત્રીજા ભાગમાંથી અદા કર્યા પછી જે કંઇ બચે તેના ૨૪ ભાગ કરવા. જેમાંથી ૩ ભાગ મર્હુમની ઓરતને અને આઠ, આઠ ભાગ દરેક છોકરીને બાકીના પાંચ ભાગ બહેનને મળશે. ભત્રીજાઓને કંઇ મળશે નહિં. (સિરાજી)

<u>સવાલ :</u> ૫૮ મારા એક કાકા હતા. તે ગુજરી ગયા. તેમની બે છોકરીઓ છે અને હું એક ભત્રીજો છું. બીજો કોઇ વારિસ નથી. બીજી છોકરી ગુજરી ગઇ તેની ઔલાદમાં એક જ છોકરો છે. હવે મારે કાકાનો વારસો કેવી રીતે વહેંચવો ?

<u>જવાબ :</u> ૫૮ પ્રથમ કફન, દફન અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી એ સર્વ અદા કર્યા બાદ જે કંઈ બચે તેના સરખા ભાગે ત્રણ હિસ્સા કરવા. જેમાંથી એક ભાગ મોટી છોકરીને એક ભાગ નાની છોકરીને, અને એક ભાગ ભત્રીજા (તમને) મળશે. જે નાની છોકરી ગુજરી ગઇ છે તેનો ધણી હયાત છે કે નહિ ? લખી જણાવશો તો જવાબ આપીશું. (સિરાજી)

<u>સવાલ :</u> ૫૯ એક માણસ ગુજરી ગયો. તેણે એક ઓરત, એક છોકરો, તથા એક સગા ભાઈને પાછળ છોડ્યા તો વહેંચણી કેવી રીતે કરવી ?

<u>જવાબ :</u> ૫૯ પ્રથમ શરઈ હકો અદા કર્યા બાદ

મર્હુમના માલના ૮ ભાગ કરવા. તેમાંથી એક ભાગ મર્હુમની ઓરતને અને ભાગ ૪ છોકરીને, અને બાકીના ૩ ભાગ સગા ભાઈને મળશે. એટલે રૂા. ૧ માંથી બે આના ઓરતને, ૮ આના છોકરીને અને બાકીના છ આના ભાઈને મળશે. ઓરતની મહેર બાકી હશે તો તે વારસા વહેંચણી અગાઉ પ્રથમ અદા કરવી પડશે. (સિરાજી)

<u>સવાલ :</u> ૬૦ એક માણસ ગુજરી ગયો. તેણે એક ઓરત, ત્રણ છોકરીઓ અને એક પોત્રો છોડ્યા તો વારસો કોને કેટલો આપવો જોઈએ ?

<u>જવાબ :</u> ૬૦ મર્હુમના કફન, દફનનો ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે કુલ માલના ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ જે કંઈ બચે તેના ૭૨ ભાગ કરવા જેમાંથી ભાગ ૯ મર્હુમની ઓરતને, અને ભાગ ૧૬-૧૬ દરેક છોકરીને, બાકીના ૧૫ ભાગ પોત્રને આપવામાં આવશે. જો તેણીની મહેર બાકી હશે તો તે વારસા વહેંચણી ઉપરાંત પ્રથમ અદા કરવી પડશે. (સિરાજી, કુતુબે ફરાઈઝ)

<u>સવાલ :</u> ૬૧ એક માણસ ગુજરી ગયો તેની એક ઓરત, એક મા, બે છોકરા, ત્રણ છોકરીઓ, એક બહેન છે, હવે એમાંથી કોને અને કેટલું મળશે. કેવી રીતે વહેંચણી કરવી ?

<u>જવાબ :</u> ૬૧ પ્રથમ મર્હુમના માલમાંથી કફન, દફનનો ખર્ચ અને કર્ઝ હોય તો તે, અને વસીયત હોય તો તે ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ જે કંઈ બચે તેના ૧૬૮ ભાગ

કરવા, તેમાંથી ઓરતને ભાગ ૨૧, મા ને ભાગ ૨૮, દરેક છોકરાને ભાગ ૩૪ અને દરેક છોકરીને ભાગ ૧૭ મળશે. કુલ્લે ૧૬૮ ભાગ પૂરા થયા. જો ઓરતની મહેર બાકી હશે તો તે વારસા વતરોક આપવી પડશે. (સિરાજી)

**<u>સવાલ</u> :** ૬૨ એક બાઈ ગુજરી ગઈ છે. તેનો એક ધણી, એક મા, એક દીકરો, અને એક દીકરી છે. આ મુજબ વારિસો છે. તો વહેંચણી કેવી રીતે કરવી ?

**<u>જવાબ</u> :** ૬૨ પ્રથમ શરઈ હકો અદા કર્યા બાદ મર્હુમાના માલના કુલ્લે ભાગ ૩૬ કરવા તેમાંથી ભાગ ૯ ધણીને, ભાગ ૬ માને, અને ભાગ ૧૪ તેણીના છોકરાને, અને બાકીના ભાગ ૭ છોકરીને મળશે. (સિરાજી)

**<u>સવાલ</u> :** ૬૩ એક ઓરત ગુજરી ગઈ. પાછળ બે છોકરી હયાત છોડી, એક પોત્રો અને એક પોત્રી છોડ્યાં છે. માટે મર્હુમાની મિલ્કતની વહેંચણી કેવી રીતે કરવી ?

**<u>જવાબ</u> :** ૬૩ અગાઉના શરઈ હકો (જરૂરી કફન, દફન, કર્ઝ, વસીયત ત્રીજા ભાગમાંથી) અદા કર્યા બાદ જે કંઈ બચે તેના નવ ભાગ કરવા. જેમાંથી દરેક છોકરીને ભાગ ૩ અને પોત્રાને ભાગ-૨ અને બાકીનો એક ભાગ મર્હુમાની પોત્રીને મળશે. (સિરાજી)

**<u>સવાલ</u> :** ૬૪ એક માણસ ગુજરી ગયો છે. તેણે પોતાની પાછળ એક ઓરત, સગી મા, ત્રણ છોકરીઓ, એક ભાઈ અને બે બહેન છોડી છે. તો વહેંચણી કેવી રીતે કરવી ?

**<u>જવાબ</u> :** ૬૪ મર્હુમના માલમાંથી પ્રથમ કફન, દફનનો

ખર્ચ કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે કુલ માલના ત્રીજા ભાગ સુધીમાંથી અદા કરવા. બાદ જે બચે તેના ભાગ ૨૮૮ કરવા. જેમાંથી મર્હુમની ઓરતને ભાગ ૩૬, માને ભાગ ૪૮, દરેક છોકરીને ભાગ ૬૪, ભાઈને ભાગ ૬, દરેક બહેનને ભાગ ૩ એટલે ભાગ ૨૮૮ પુરા થશે. હવે જો ઓરતની મહેર બાકી હશે તો વારસા વતરોક આપવી પડશે.

**સવાલ :** ૬૫ એક માણસ ગુજરી ગયો તેની એક ઓરત છે, એક છોકરી છે, અને એક નવાસી છે અને એક બહેન છે. તો મર્હુમના માલની વહેંચણી કેમ કરવી ?

**જવાબ :** ૬૫ મર્હુમના કફન, દફનનો ખર્ચ તથા કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે કુલ માલના ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ જે કંઈ બચે તેના આઠ ભાગ કરવા. તેમાંથી ભાગ ૧ ઓરતને, અને ભાગ ૪ છોકરીને અને ત્રણ ભાગ બહેનને મળશે. નવાસીને કંઈ મળશે નહિ. રૂપીયા એકમાંથી બે આના ઓરતને આઠ આના છોકરીને, અને બાકીના છ આના બહેનને મળશે. (સિરાજી)

**સવાલ :** ૬૬ મારા બાપ થોડા દિવસ પહેલાં ગુજરી ગએલ. તેની મિલ્કતમાં ઈસ્ટેટ રહેવા પુરતી સોનું અંદાજ ૪૫ તોલા અને અંદાજ રૂા. ૫૦૦ છે. મારા બાપની પહેલી ઓરતનો એક છોકરો છે, જેની શાદી મારા બાપે કરી આપી હતી, અને તેને ચોવીસેક તોલા સોનું તથા શાદીનો ખર્ચ આપ્યો હતો, બીજી ઓરતનો એક છોકરો છે. અને ત્રીજી ઓરતનો એક છોકરો અને એક છોકરી છે છોકરીની શાદી

પણ મારા બાપે કરી દીધી હતી તથા તેનો પણ ખર્ચ આપ્યો હતો. છોકરી ગુજરી ગએલ છે. પણ તેનો એક છોકરો છે. અને ચોથી ઓરત જે હયાત છે તેના ચાર છોકરા અને બે છોકરીઓ છે. અમો કુલ સાત ભાઈ, ત્રણ બહેન અને મા અમારી સાથે છે, તો મજકુર મિલ્કત અમોએ કેમ વહેંચવી ? દરેકને શું મળશે ? અને મારી હયાત માતાજીનું ભરણ પોષણ કેવી રીતે અને કોના ઉપર હક છે ? તે ખુલાસાવાર લખી મોકલશો.

<u>જવાબ :</u> ૬૬ પૂછેલી સૂરતમાં પ્રથમ તમારા મર્હુમ બાવાજીના કફન દફનનો ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ જે કંઈ બચે, કુલ માલના એટલે ઈસ્ટેટની કીંમત, સોનું, ચાંદી, રોકડ નાણું વગેરે જે કંઈ હોય તે બધાની ખરેખરી કીંમત કરી ૧૩૬ ભાગ કરવા, એમાંથી ભાગ ૧૭ તમારી માને, તમો દરેક ભાઈને ભાગ ૧૪ (એટલે સાત ભાઈ વચ્ચે ૯૮ ભાગ) અને દરેક બહેનને ભાગ ૭ મળશે. બાદ તમારા બાવાજીએ પોતાની હયાતીમાં તમારા જે ભાઈ બહેનોને પરણાવ્યા છે. તેનો ખર્ચો તેઓના વારસામાંથી કાપવામાં આવશે નહિ. પણ શાદી વખતે જે ઝેવરો આપ્યા છે તે તમારી બહેનને કે તમારા ભાઈને અથવા તમારા ભાઈની ઓરતને બખ્શિશ ન કરી આપ્યાં હોય તો તે પણ તમારા બાવાજીના માલમાં ગણાશે, અને જો બખ્શિશ આપી દીધું હોય તો એથી તે લોકો સ્વતંત્ર માલિક થઈ ગયા. તેમાં કોઈનો વારસો લાગુ પડશે નહિ. અને તમારી

હયાત માની મહેર બાકી હોય તો તે વારસા વતરોક વહેંચણી અગાઉ આપવી પડશે. તમારી માના ભરણ પોષણનો ખર્ચ કોઈના શિરે નથી. પોતાના માલથી પોતાનું ગુજરાન ચલાવશે અગર તે મોહતાજ હોય તો તેમની અવલાદ ઉપર છે. (કુતુબે ફરાઈઝ)

**સવાલ :** ૬૭ ચાંદમિયાં અમીરમિયાં ગુજરી ગયા, તેની એક ઓરત નૂરબીબી ધણીની હયાતીમાં ગુજરી ગએલી. ફરી બીજી ઓરત કુલસૂમ સાથે નિકાહ કર્યા તે હયાત છે. તથા મર્હુમની મા ખદીજાબીબી, છોકરો ગુલાબમિયાં ત્રણ છોકરીઓ અને મર્હુમના બે ભાઈઓ છે તો કોને કેટલું મળશે ?

**જવાબ :** ૬૭ પ્રથમ મર્હુમના કફન દફનનો ખર્ચ, કર્ઝ હોય તો તે કુલ માલના ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ જે કંઈ બચે તેના ૧૨૦ ભાગ કરવા, જેમાંથી મર્હુમની ઓરત કુલસમબીબીને ભાગ ૧૫ અને ૨૦ ભાગ માને, અને છોકરા ગુલાબમિયાંને ભાગ ૩૪ અને દરેક છોકરીને ભાગ ૧૭ મળશે. ચાંદમિયાંના બન્ને ભાઈઓને કંઈ મળશે નહિ. ઓરતની મહેર બાકી હશે તો તે વારસ વતરોક તેણીને આપવી જરૂરી છે. (કુતુબે ફરાઈઝ)

**સવાલ :** ૬૮ એક માણસ ગુજરી ગયો. તેનો એક છોકરો હતો તે તેની હયાતીમાં જ ગુજરી ગયો હતો. હવે તેનો એક પોત્રો અને છોકરાની ઓરત છે તથા પાંચ ભત્રીજા અને ચાર ભત્રીજીઓ છે તો તેના વારિસ કોણ કોણ ?

**જવાબ :** ૬૮ વહેંચણીથી અગાઉના શરઈ હકો (ઝરૂરી કફન, દફન, કર્ઝ વસીયત ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ બાકીનો બધો માલ મર્હુમના પોત્રાનો મળશે. ભત્રીજાઓ ભત્રીજીઓ ત્થા છોકરાની ઓરતને કંઈ મળશે નહિ.

**સવાલ :** ૬૯ એક માણસ ગુજરી ગયો તેણે પાછળ એક ઓરત, ત્રણ છોકરા અને એક છોકરી છોડી છે. તો વારસાની વહેંચણી કેવી રીતે કરવી ?

**જવાબ :** ૬૯ પ્રથમ મર્હુમના માલમાંથી કફન, દફનનો ખર્ચ, અને કર્ઝ હોય તો તે અને વસીયત કીધી હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ અને મહેર બાકી હોય તો તે અદા કર્યા પછી જે બચે તેના ૮ ભાગ કરવા. તેમાંથી ઓરતને એક ભાગ, દરેક છોકરાને બે ભાગ, અને બાકીનો એક ભાગ છોકરીને મળશે. (સિરાજી)

**સવાલ :** ૭૦ એક માણસ ગુજરી ગયો. પાછળ એક ઓરત, એક છોકરો અને બે સગા ભાઈ છે. તો કોને કેટલું મળશે ?

**જવાબ :** ૭૦ શરઈ હકો અદા કર્યા બાદ આઠ ભાગ કરવા તેમાંથી આઠમો ભાગ એટલે એક ભાગ મર્હુમની ઓરતને અને બાકીનો કુલ માલ (સાત ભાગ) છોકરાને મળશે. બન્ને ભાઈ અભાગ્ય છે.

**સવાલ :** ૭૧ એક માણસ ગુજરી ગયો, તેની માત્ર બે છોકરીઓ, બે ભાઈઓ સગા, અને એક ભાઈ બહેન

સાવકા છે. તો મર્હુમનો વારસો કેમ વહેંચવો ?

<u>**જવાબ**</u> : ૭૧ પ્રથમ શરઈ હકો (કફન, દફન, કર્ઝ, વસીયત ત્રીજા ભાગ સુધીમાંથી) અદા કર્યા બાદ બાકીના માલના ૯ ભાગ કરવા તેમાંથી મર્હુમની દરેક છોકરીને બે ભાગ, અને એક એક ભાગ દરેક સગા ભાઈને મળશે. સાવકા ભાઈ બહેનને કંઈ મળશે નહીં. (સિરાજી)

<u>**સવાલ**</u> : ૭૨ એક માણસ મરણ પામ્યો છે. તેનો બાપ હયાત છે. તેનો એક છોકરો અને એક ઓરત છે. તો વહેંચણી કેવી રીતે કરવી ? દરેકને કેટલું કેટલું મળશે ?

<u>**જવાબ**</u> : ૭૨ શરઈ હકો અદા કર્યા બાદ માલના ૨૪ ભાગ કરવા. તેમાંથી ભાગ ૪ મર્હુમના બાપને, ઓરતને ભાગ ૩, અને બાકીના ભાગ ૧૭ છોકરાને મળશે. ઓરતની મહેર બાકી હશે તો તે વારસા વતરોક આપવી પડશે. (સિરાજી)

<u>**સવાલ**</u> : ૭૩ એક માણસ ગુજરી ગયો છે. તેના પાછળ એક ઓરત, એક છોકરી, મા, બાપ, એક ભાઈ અને બે બહેન છે. મર્હુમની મિલ્કતમાં કફન, દફનનો ખર્ચ બાદ જતાં રૂા. ૨૪૦૦ છે. તો વહેંચણી કેમ કરે ?

<u>**જવાબ**</u> : ૭૩ પ્રથમના શરઈ હકો બાદ કરતાં અગર સાફી રૂા. ૨૪૦૦ મર્હુમના છે. તો આ પ્રમાણે વહેંચી આપે. ઓરતને રૂા. ૩૦૦ દીકરીને રૂા. ૧૨૦૦ માને રૂા. ૪૦૦ અને બાકીના રૂા. ૫૦૦ બાપને મળશે ભાઈ બહેનને કંઈ મળશે નહિ. (સિરાજી)

<u>સવાલ</u> : ૭૪ એક માણસ ઓરતને ફારગતી આપે, ફારગતી થયા બાદ તે ઓરતને બચ્ચું થયું તો તે વારસ થશે ?

<u>જવાબ</u> : ૭૪ તે બચ્ચું અગર ફારગતી આપનાર મર્દથી છે એટલે ફારગતી બાદ એ વરસની અંદર બચ્ચું પેદા થયું હોય તો તે ધણીનું જ કહેવાશે અને વારિસ થશે.

<u>સવાલ</u> : ૭૫ એક માણસ ગુજરી ગયો. પાછળ વારિસો આ છે. એક બાપ, બે ભાઈ, એક ઓરત, એક છોકરો અને બે છોકરીઓ છે. મરનારની મિલ્કત રૂા. ૨૩૨ છે તો દરેકને શરીઅત પ્રમાણે શું મળશે ?

<u>જવાબ</u> : ૭૫ મર્હુમના કફન, દફનનો ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ કુલ માલના ભાગ ૯૬ કરવા, તેમાંથી ઓરતને ભાગ ૧૨, બાપને ભાગ ૧૬, છોકરાને ભાગ ૩૪, દરેક છોકરીને ભાગ ૧૭ મળશે. સવાલમાં જણાવેલી રકમ રૂા. ૨૩૨ માંથી ઓરતને રૂા. ૨૯ બાપને રૂા. ૩૮॥=॥૨, છોકરાને રૂા. ૮૨=॥૨ દરેક છોકરીને રૂા. ૪૧-૧ ઉપર પ્રમાણે મળશે. ઓરતની મહેર બાકી હશે તો તેણીના વારસા વતરોક આપવી પડશે. બન્ને ભાઈઓને કંઈ મળશે નહિં. (સિરાજી)

<u>સવાલ</u> : ૭૬ એક બાઈ ગુજરી ગઈ છે. તેણે પોતાની પાછળ એક ધણી, એક છોકરો, અને બે છોકરીઓ છોડી છે તો વહેંચણી કેવી રીતે કરવી ? રૂા. ૫૯૦-૧૧-૦ ની મિલ્કત છે.

**જવાબ :** ૭૬ વારસા વહેંચણીથી અગાઉના હકો અદા કર્યા બાદ મિલ્કતના ૧૬ ભાગ કરવા. તેમાંથી ૪ ભાગ ધણીને, ૬ ભાગ છોકરાને, અને ત્રણ ત્રણ ભાગ દરેક છોકરીને મળશે. રૂા. એકમાંથી ચાર આના ધણીને, છ આના છોકરાને ત્રણ ત્રણ આના દરેક છોકરીને, રોકડ રૂા. ૫૯૦-૧૧-૦ ને આ પ્રમાણે વહેંચી આપે ધણીને રૂા. ૧૪૭-૧૦-૯ છોકરાને રૂા. ૨૨૧-૮-૧।। તથા દરેક છોકરીને રૂા. ૧૧૦-૧૨-૦।। મળશે. (સિરાજી)

**સવાલ :** ૭૭ મૈયતના ફાતેહા દરૂદ ઝિયારત, તથા ફકીરો ખવડાવવાનો ખર્ચ બાદ કરીને વારસો મળે કે કેમ ?

**જવાબ :** ૭૭ જો મરનારને પોતાની પાછળ લિલ્લાહ ખેરખેરાત કરવા વિષે પોતાના માલમાંથી ૧/૩ સુધી વસીયત કરી હોય, તો તેના પાછળ તેની વસીયત મુજબ સારા સવાબના કામમાં ખર્ચ કરવું ઝરૂરી છે. પરંતુ ઝિયારત કે ચાલીસમું, બારમું વગેરે આજ કાલની ચાલુ રિવાજોની વસીયત પુરી કરવી ઝરૂરી નથી. મર્હુમનો ઝરૂરી કફન દફનનો ખર્ચ, કર્ઝ હોય તો તે ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ બાકીનો બચેલો માલ વારિસો દરમ્યાન વહેંચી આપવો જોઈએ. બધા વારિસોની રજા વગર કોઈને ખર્ચ કરવો જાઈઝ નથી. નાબાલિગ વારિસની રજા મુઅતબર નથી. (માન્ય નથી) તેનો હક પુરે પુરો આપવો પડશે. (સિરાજી)

**સવાલ :** ૭૮ એક માણસનો ઈન્તેકાલ થયો. તેની પાછળ એક ઓરત, એક બહેન, બે ભત્રીજા તથા ૩ ભત્રીજીઓ

છે. મર્હુમની કોઈ અવલાદ નથી તો વારસાની વહેંચણી કેવી રીતે કરવી ?

<u>જવાબ</u> : ૭૮ પૂછેલી સુરતમાં મર્હુમના કફન, દફનનો ખર્ચ, કર્ઝ હોય તો તે અને વસીયત કરી હોય તો તે ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ બાકી માલના આઠ ભાગ કરવા. તેમાંથી બે ભાગ મર્હુમની ઓરતને ચાર ભાગ બહેનને, અને એક એક ભાગ દરેક ભત્રીજાને, ભત્રીજીઓને કંઈ મળશે નહિ. એક રૂપીયામાંથી ચાર આના મર્હુમની ઓરતને, આઠ આના બહેનને અને બબ્બે બબ્બે આના દરેક ભત્રીજાને મળશે. (સિરાજી)

<u>સવાલ</u> : ૭૯ મારી વાલિદા ગુજરી ગયા છે. તેમને બે છોકરીઓ અને એક ભત્રીજો છે. તો દરેકને શું મળશે ? એક ખેતર બન્ને છોકરીઓ અને એક અન્જુમન રોઝા ફંડ માટે તેમની વસીયત પણ છે. તો કેમ કરવું ?

<u>જવાબ</u> : ૭૯ શરઈ હકો અદા કર્યા બાદ માલના છ ભાગ કરવા. દરેક છોકરાને બે ભાગ અને દરેક છોકરીને બે ભાગ અને દરેક છોકરીને એક ભાગ મળશે. ભત્રીજાને કંઈ મળશે નહિ. ખેતરની વસીયત બન્ને છોકરીઓ માટે બાતિલ છે. કારણ કે વારિસો માટે વસીયત નથી. હા, રોઝા ફંડ માટેની વસીયત કુલ મિલ્કતના ૧/૩ એક તૃત્યાંશ ભાગ સુધી સહી છે. એટલે ત્રીજા ભાગથી વધારે હોય તો વધુમાં બાતિલ છે. (સિરાજી)

<u>સવાલ</u> : ૮૦ એક માણસે પોતાની ઓરતને તંદુરસ્તીમાં

ત્રણ તલાકે મુગલ્લઝા આપી. એની ઈદ્દત વિતવા પહેલાં ધણી ગુજરી ગયો. તો હવે મર્હુમ ધણીની મિલ્કતમાં મજકુર ઓરતને વારસો મળે ?

<u>જવાબ</u> : ૮૦ ખરેખર અગર ઈદ્દત વિતવા પહેલાં ધણી ગુજરી ગયો તો ઓરત વારિસ થશે. અગર મર્હુમે અવલાદ છોડી છે, તો ઓરતને આઠમો હિસ્સો મળશે. અગર અવલાદ ન હોય તો ચોથો ભાગ મળશે. તેમજ મહેર બાકી હશે તો તે પણ મર્હુમના માલમાંથી વહેંચણી અગાઉ તેણીને આપવી પડશે. (સિરાજી)

<u>સવાલ</u> : ૮૧ મારી ફોઈ પાસેથી મારી માએ રૂા. ૨૦ કર્ઝ લીધા હતા. ત્યાર બાદ ફોઈ ગુજરી ગયા. તેમને કોઈ અવલાદ નથી. માત્ર એક ધણી અને એક સગી બહેન છે. મારી માતાજી પણ ગુજરી ગયાં છે. તો એ પૈસા કોને આપવા ?

<u>જવાબ</u> : ૮૧ દસ રૂપીઆ મર્હુમના ધણીને, અને દસ રૂપીઆ બહેનને આપવા. (સિરાજી)

<u>સવાલ</u> : ૮૨ મારી ઓરત ગુજરી ગઈ છે. તેના કપડાં, જણસોમાં તેણીના મા બાપને વારસો પહોંચે કે નહિં ? કપડાં મેં મારા પૈસાથી બનાવી આપેલાં અને ઝેવરો મંગણી વખતે આપેલાં.

<u>જવાબ</u> : ૮૨ સામાન્ય રીતે આપણાં ઈલાકામાં દસ્તુર એમ છે કે કપડાં અને જણસો ધણી તરફથી ઓરતને માત્ર પહેરવા માટે આપવામાં આવે છે. સ્વતંત્ર માલિક બનાવતા

નથી. એ પ્રમાણે હોય તો તેમાં મા, બાપનો વારસો પહોંચશે નહિ. એ ધણીની માલિકીના કહેવાશે. એમાં કોઈનો હક લાગશે નહિ. અને જો ધણીએ માલિક બનાવી દીધી હોય તો ઓરતના સર્વે વારિસોનો હક તેમાં પહોંચશે. એ સૂરતમાં મા બાપને દરેકને અવલાદની સાથે છઠો ભાગ મળશે.

<u>સવાલ :</u> ૮૩ એક માણસે અમુક રકમ બીજા માણસને અનામત રાખવા આપી; પછી તે માણસે તેમાંથી થોડીક રકમ પોતાની જરૂરત માટે લીધી અને બાકીની રકમ તેનીજ પાસે અનામત રહેવા દીધી. ત્યાર પછી તે માણસ ગુજરી ગયો અને અમાનતદાર પેલી બાકી રહેલી રકમ મરતી વખતે તે માણસને આપવાનું ભુલી ગયો. હવે તેને એક છોકરો અને ત્રણ છોકરીઓ છેં. તો તે અમાનતની રકમ કોને આપવી દરેકને શું શું આપવું ?

<u>જવાબ :</u> ૮૩ મર્હુમના બધા વારિસોનો તેમાં હક લાગશે. ખાલી છોકરાને ન આપે. તે અમાનતના પાંચ ભાગ કરે. તેમાંથી બે ભાગ છોકરાને, અને એક ભાગ દરેક છોકરીને મળશે. એક રૂપીયામાંથી ૦-૬-૪ છોકરાને અને દરેક છોકરીને ૦-૩-૨ મળશે. (કુતુબે ફરાઈઝ)

<u>સવાલ :</u> ૮૪ કોઈ ઓરતનો ધણી ગુજરી જાય અને તેણી બીજા સાથે નિકાહ કરે તો તેણી પહેલા ધણીની વારિસ થશે ?

<u>જવાબ :</u> ૮૪ બીજા નિકાહ કરવાથી તેણીનો હિસ્સો આગલા ધણીના વારસામાંથી બાતિલ થશે નહિ. અગર એક

પછી એક બે ત્રણ ધણી થયા હોય તો દરેકના વારસામાં તેણીનો હક લાગશે. કેટલીક જગ્યાએ બીજા નિકાહ કરવાથી તેણીનો ભાગ આપતા નથી. એ ખરેખર ઝુલ્મ છે. બીજા નિકાહ કરવા બુરૂં કામ નથી. બલ્કે શરીઅતમાં એની ઘણી ફઝીલત વર્ણન થઈ છે. અગર તેણીની મહેર બાકી હશે તો પણ વહેંચણી અગાઉ આપવી પડશે. (કુતુબે ફરાઈઝ)

<u>સવાલ :</u> ૮૫ મર્હુમની ભેંસો તથા બળદ તથા ખેતીના પાકમાંથી વારિસો ભાગ લઈ શકે કે નહિ ? તેમજ આગલી ઓરતની જણસો છે. તેમાં પણ વારિસોનો હક લાગે કે નહિ ?

<u>જવાબ :</u> ૮૫ મર્હુમે જે કંઈ માલ છોડ્યો છે. ભેંસો, બળદો ખેતીનો પાક વગેરે સર્વે ચીઝોમાં બધા વારિસોનો હક લાગશે. આગલી ઓરતની જણસો જે હાલ હયાત ઓરત પાસે છે અગર તેણીને માલિક બનાવી આપી ન હોય તો તેમાં પણ વારસો પહોંચશે અગર ઓરતને બખ્શિશ કરી આપી હોય અને તેને સોંપી દીધી હોય તો તેમાં વારિસોનો હક લાગશે નહિ તે ઓરતની માલિકીની ગણાશે. (આલમગીરી, સિરાજી)

<u>સવાલ :</u> ૮૬ મારી વાલિદા સાહેબાએ પોતાની તંદુરસ્તીની હાલતમાં પોતાને મર્હુમ હાજી અ. સત્તારના વારસામાંથી મળવાની રકમ હાજી અ. સત્તારના યતીમ બચ્ચાંઓને માફ કરી આપી હું તથા બીજા ત્રણ માણસોની રૂબરૂમાં, તો તે કબુલ રાખી શકાય ?

**જવાબ :** ૮૬ પૂછેલી સુરતમાં પોતાના છોકરાની મિલ્કતમાંથી પોતાનો હિસ્સો એક મર્દ અને બે ઓરતોની સામે બખ્શિશ કરી આપ્યો તો તે કબુલ રાખવામાં આવશે. મર્હુમ અ. સત્તારની મિલ્કતમાંથી ઝરૂરી કફન, દફન અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે કુલ માલના ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ તેમના વારિસોમાં વહેંચી આપે. (સિરાજી)

**સવાલ :** ૮૭ મારી મર્હુમા વાલિદાના ગુજરી જવા વખતે તેમના સગાભાઈ એક બહેન, તથા અમો બે ભાઈઓને મારી બે બહેનો તથા મર્હુમ મારા ભાઈ હાજી અબ્દુલ સત્તારની ઘરવાળીને તેના પાંચ દીકરાને બે દીકરીઓ છીએ તો તેમાં બધાને કેટલો ભાગ મળશે ? હાજી અ. કરીમ તરફ મારી વાલિદાના રૂા. નવ હજાર લેણા છે, ને વાલિદાની મિલ્કત ને લેણું મેળવતા આસરે વીસ હજાર ગણાઈ તો હાજી અ. કરીમને તે લેણી રકમમાંથી વાળી આપવા બાદ બાકીની રકમ ક્યારે મળે તે ચોક્કસ ન કહેવાય તો શું હિસાબે વહેંચણી કરવી ?

**જવાબ :** ૮૭ મર્હુમાનો જરૂરી કફન, દફનનો ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે કુલ માલના ૧/૩ એક તૃત્યાંશમાંથી અદા કર્યા બાદ જે બચે તેના છ ભાગ કરવા, દરેક છોકરાને બે બે ભાગ અને દરેક છોકરીને એક એક, મતલબ કે બાકીની મિલ્કત મર્હુમાની અવલાદ વહેંચી લે, છોકરાને છોકરી કરતાં ડબલ, મર્હુમાથી પહેલાં ગુજરી

ગએલો છોકરો હાજી અ. સત્તાર તેમજ તેમની અવલાદનો હક લાગશે નહિ તેમજ મર્હુમાના ભાઈ-બહેનો પણ અભાગ્ય છે. દાખલા તરીકે એક રૂા. માંથી દરેક છોકરાને રૂા. ૦-૫-૪- અને દરેક છોકરીને રૂા. ૦-૨-૮ મળશે. મર્હુમાના જે રૂપિયા લેણા છે તેને પણ ઉપર પ્રમાણે વહેંચી લે. (સિરાજી)

<u>સવાલ</u> : ૮૮ એક બાઈ ગુજરી ગઈ તેને એક ધણી છે. એક છોકરી છે, બે સગા ભાઈ છે. દરેકને શું મળશે? એક માણસ ગુજરી ગયો તેને એક દીકરી છે અને એક દીકરો, તો વહેંચણી કેવી રીતે કરવી ?

<u>જવાબ</u> : ૮૮ વહેંચણીથી અગાઉના શરઈ હકો (ઝરૂરી કફન, દફન, કર્ઝ, વસીયત કુલ માલના ત્રીજા ભાગ સુધીમાંથી) અદા કર્યા બાદ મર્હુમાબાઈની મિલ્કતના આઠ ભાગ કરવા, તેમાંથી તેની છોકરીને ચાર ભાગ તેણીના ધણીને બે ભાગ, અને મર્હુમાના દરેક ભાઈને એક એક મળશે. એક રૂપીઆમાંથી આઠ આના છોકરીને, ચાર આના તેણીના ધણીને, બે બે આના દરેક ભાઈને આપવા. શરઈ હકો અદા કર્યા બાદ બાકીની મિલ્કત મર્હુમના છોકરા, છોકરી વચ્ચે વહેંચી આપે છોકરાને છોકરી કરતાં ડબલ મળશે. (સિરાજી, કુતુબે ફરાઈઝ)

<u>સવાલ</u> : ૮૯ દાદાની હયાતીમાં બાપ ગુજરી જાય તો દાદાની મિલ્કતમાં પૌત્રનો હક લાગશે કે નહિ ?

<u>જવાબ</u> : ૮૯ કાકાની હયાતીમાં પૌત્રને દાદાની મિલ્કતમાંથી હક મળશે નહિ કારણ કે દાદાના છોકરા હયાત

છે. તો પોત્ર સ્વભાવિક રીતે દુર થઇ ગયો. અગર દાદાને કોઇ છોકરો ન હોય તો પોત્રનો હક લાગશે. એ વતરોક પોત્રને દાદા બખ્શિશ આપી શકે છે. અને એક તૃત્યાંશ સુધી આપવાની વસીયત પણ કરી શકે છે. પોતાની હયાતીમાં આપવા ચાહે તો આપી કબ્ઝો પણ સોંપી દે તો બખ્શિશ સહીહ, ગણાશે માત્ર કહેવાથી ચાલશે નહિ. (આલમગીરી)

**સવાલ :** ૯૦ એક માણસ ગુજરી ગયો છે. તેણે પોતાની હયાતીમાં પોતાની ઝિંદગીનો વીમો રૂ. ૧૦૦૦, નો ઉતરાવેલો હતો. તેમાં પોતાની હયાતી બાદ તે રકમ પોતાની ઓરતને આપવા લખેલી છે. તે વિમો ઉતરાવ્યા બાદ પોતાની અવરતના નામે બખશિશ તરીકે પોતાની હયાતીમાંજ ચઢાવી દીધી હતી. તો એ રકમમાં મર્હુમના બીજા વારિસોનો હક લાગશે કે તેની વિધવા સ્વતંત્ર માલિક છે ?

**જવાબ :** ૯૦ વિમો ઉતરાવવો જાન કે માલનો જાઈઝ નથી. ઉતરાવ્યો હોય તો તે રકમ લઇ લેવી જોઇએ. પૂછેલી સુરતમાં માત્ર ઓરતના નામ પર બખશિશ તરીકે ચઢાવી દેવાથી ઓરત માલિક થશે નહિ. તેમાં બધાં વારિસોનો હિસ્સો લાગશે. શરીઅત પ્રમાણે વહેંચી દેવામાં આવે. (ફતાવા અશરફીયહ)

**સવાલ :** ૯૧ એક માણસ ગુજરી ગયો છે. તેના નીચે મુજબના વારિસો છે. તેની મિલ્કતના તથા રોકડ શેરોની કેવી રીતે વહેંચણી કરવી ? મર્હુમની ઓરત. ૧, સગોભાઇ ૧, સગોભાઇ હયાત છે તેના બે છોકરા છે, એક સગો ભાઇ જે

મર્હુમથી પણ પહેલાં ગુજરી ગયો છે તેને એક છોકરો છે.

**જવાબ :** ૯૧ પૂછેલી સુરતમાં કફન, દફનનો જરૂરી ખર્ચ અને કર્ઝ હોય તો તે તથા વસીયત હોય તો તે એક ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ જે કંઈ બચે તેના ૪ ભાગ કરવામાં આવે. અને તેમાંથી એક ભાગ મર્હુમની વિધવાને, બાકીના ભાગ ૩ હયાત ભાઈને મળશે. (સિરાજી)

**નોટ :-** હયાત ભાઈના છોકરા તથા ગુજરી ગએલા ભાઈના છોકરાને કંઈ મળશે નહિ. જો વિધવાની મહેર બાકી હશે તો તેણીને વારસા વતરોક મળશે. (હિદાયહ, સિરાજી)

**સવાલ :** ૯૨ એક બાઈ ગુજરી ગયા છે. તેમના વારિસોમાં ધણી, બાપ, એક છોકરો ને એક છોકરી છે. તો મજકુર વારિસોને કેટલો કેટલો ભાગ મળશે ?

**જવાબ :** ૯૨ પૂછેલી સુરતમાં કફન, દફન અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય, તો તે એક ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ જે કાંઈ બચે તેના ૩૬ ભાગ કરવા તેમાંથી ધણીને ભાગ ૯, બાપને ભાગ ૬, છોકરાને ભાગ ૧૪, છોકરીને ભાગ ૭ મળશે. (સિરાજી)

**નોટઃ-** જો મર્હુમા બાઈની મહેર બાકી હશે તો તે ધણીને અદા કરવી જોઈએ. અને તેના ઉપર મુજબ ભાગ કરી વહેંચવા જોઈએ ધણીને પણ તેમાંથી ચોથો ભાગ મળશે.

**સવાલ :** ૯૩ એક માણસ ગુજરી ગયો છે. તેણે પોતાની પાછળથી અમુક વારિસો છોડ્યા છે. એક ઓરત અને તે પણ પાછળથી ગુજરી ગઈ છે. ચાર ભત્રીજા અને

પાંચ ભત્રીજીઓ અને લેપાલક (દત્તક) છોકરી, તો મજકુર વારિસોને શરીઅત પ્રમાણે શું મળશે ?

<u>જવાબ</u> : ૯૩ વારસા વહેંચણી કરવા પહેલાં અગાઉના હકો કફન, દફન, કર્ઝ, વસીયત, ત્રીજા માલમાંથી અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના ૧૬ હિસ્સા કરવા એમાંથી ચાર હિસ્સા મર્હુમની ઓરતને અને તે ગુજરી ગયા હોવાથી તેના હિસ્સા તેના વારિસોને જેવી રીતે કે તેના મા બાપ, ભાઈ બહેન, જે કોઈ હોય તેને દેવામાં આવે. દરેક ભત્રીજાને ત્રણ ત્રણ હિસ્સા મળશે. અને ભત્રીજીઓ અને ભત્રીજાઓની અવલાદ અને લેપાલક (દત્તક) છોકરી એ બધાં મહરૂમ (અભાગ્ય) થશે. (સિરાજી)

<u>સવાલ</u> : ૯૪ એક માણસ ગુજરી ગયો છે. પોતાની પાછળ પોતાની એક ઓરત અને મર્હુમના બાપના કાકાના ભાઈ ચાર મુકી ગયો છે. તો શરીઅત પ્રમાણે શું મળશે ?

<u>જવાબ</u> : ૯૪ વારસા વહેંચણીથી અગાઉના શરઈ હકો (ઝરૂરી કફન, દફન, કર્ઝ, વસીયત ત્રીજા ભાગમાંથી) અદા કર્યા બાદ મર્હુમની કુલ મિલ્કતના ૧૬ ભાગ કરવા. તેમાંથી ૪ ભાગ વિધવાને, મર્હુમના બાપના દરેક કાકા ભાઈને ત્રણ ભાગ મળશે. મહેર બાકી હશે તો વારસા વતરોક આપવી પડશે. (સિરાજી)

<u>સવાલ</u> : ૯૫ એક માણસ ગુજરી ગયો છે. તેણે પોતાની પાછળ એક ઓરત અને ચાર છોકરા અને ચાર છોકરીઓ છોડી છે. તો દરેકને કેટલો હિસ્સો મળશે ?

**જવાબ** : ૯૫ વારસા વહેંચણીથી અગાઉના હકો ઝરૂરી કફન, દફન, કર્ઝ, વસીયત ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના ૯૬ ભાગ કરવા. તેમાંથી બાર ભાગ મર્હુમની ઓરતને અને દરેક છોકરાને ચઉદ ૧૪ ભાગ અને દરેક છોકરીને સાત ભાગ આપવા. (સિરાજી)

**સવાલ** : ૯૬ એક માણસ ગુજરી ગયો પોતાની પાછળ એક ઓરત, એક મા, એક છોકરો અને ચાર છોકરીઓ છોડી છે. તો મજકુર વારિસોને શું મળશે ?

**જવાબ** : ૯૬ વારસા વહેંચણીથી અગાઉના હકો (કફન, દફન, કર્ઝ, વસીયત (ત્રીજા ભાગમાંથી) અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના ૧૪૪ ભાગ કરે.. તેમાંથી મર્હુમની ઓરતે ૧૮ ભાગ, માને ૨૪ ભાગ છોકરાને, ૩૪ ભાગ, અને દરેક છોકરીને ૧૭ ભાગ આપવા. (સિરાજી, ઈલ્મુલ ફરાઈઝ)

**સવાલ** : ૯૭ એક બાઈના ત્રણ દીકરાઓએ પોતાની ઝઈફ વાલિદહ જીવે ત્યાં સુધી ભરણ-પોષણ કરવાનું લખાણ કર્યું અને તેણીના મરણ બાદ તેણીની મિલ્કત સરખે ભાગે વહેંચી લેવાની શરત મજકુર લખાણમાં કરી હતી. એ લખાણ બાબતમાં મજકુર બાઈની સંમતી લેવામાં આવી ન હતી, નસીબજોગે બાઈના આગળ એક દીકરો મરણ પામ્યો અને તે પછી બાઈ મરણ પામી, મજકુર લખાણની રૂએ મરનાર દીકરાની અવલાદને બાકી રહેલા બન્ને દીકરા પુરો વારસો આપવાને બંધાયેલા છે. બાઈએ વસીયત નામું લખ્યું છે તેમાં

હયાત વારિસદારોને વહેંચણી કરવા લખ્યું છે. તો વારિસદારો ઉપરના લખાણ પર અમલ કરે કે વસીયત પર ?

**જવાબ :** ૯૭ સવાલમાં દર્શાવેલી વિગત વાંચી જવાબમાં જણાવવાનું કે એવા લખાણથી હયાત છોકરાઓ ગુજરી ગએલ છોકરાની અવલાદને મર્હુમ બાઈની મિલ્કતમાંથી વારસો આપવા બંધાતા નથી. શરઈ હકો ઝરૂરી કફન, દફનનો ખર્ચ, કર્ઝ, કુલ માલમાંથી અને વસીયત ત્રીજા ભાગમાંથી, અદા કરવા બાદ બાકી મિલ્કત બન્ને હયાત છોકરા સરખા ભાગે વહેંચી લે મરણ પામેલની અવલાદ અભાગ્ય છે. (ફતાવા આલમગીરી)

**સવાલ :** ૯૮ એક મર્દ ગુજરી ગયો. તેના વારિસોમાં બે ઓરત, બે છોકરીઓ, એક ભત્રીજો, એક ભત્રીજી છે તો એ દરેકને મર્હુમની મિલ્કતમાંથી શું મળશે ?

**જવાબ :** ૯૮ વારસા વહેંચણીથી અગાઉના હકો અદા કર્યા બાદ મર્હુમની કુલ મિલ્કતના ૪૮ ભાગ કરે. તેમાંથી દરેક ઓરતને ત્રણ ત્રણ ભાગ અને દરેક છોકરીને સોળ ભાગ અને બાકીના દશ ભાગ મર્હુમના ભત્રીજાને મળશે. ભત્રીજીને કંઈ મળશે નહિ. ઓરતોની મહેર બાકી હશે તો તે વારસા વતરોક આપવી પડશે. (કુતુબે ફરાઈઝ)

**સવાલ :** ૯૯ એક જણ ગુજરી ગયો. તેની એક સગી બહેન છે. એક સાવકી બહેન છે. અને એક સાવકો ભત્રીજો છે. કોને કેટલો હિસ્સો મળશે ?

**જવાબ :** ૯૯ શરઈ હકો અદા કર્યા બાદ મર્હુમની

કુલ મિલ્કતના છ ભાગ કરે. તેમાંથી સગી બહેનને ત્રણ ભાગ અને સાવકી બહેનને એક ભાગ અને સાવકા ભત્રીજાને બે ભાગ મળશે. (કુતુબે ફરાઈઝ)

<u>સવાલ</u> : ૧૦૦ એક બાઈ ગુજરી ગઈ છે. અને તેનો ધણી છે. એક છોકરો છે. એક નાની અને એક દાદી છે. તો મર્હુમની મિલ્કતમાંથી કેટલો હિસ્સો દરેકને મળશે ?

<u>જવાબ</u> : ૧૦૦ શરઈ હકો અદા કર્યા બાદ કુલ મિલ્કતના બાર ભાગ કરે. તેમાંથી તેણીના ધણીને ત્રણ ભાગ, છોકરાને સાત ભાગ અને દાદીને એક ભાગ અને નાનીને એક ભાગ આ પ્રમાણે વહેંચી આપે. એક રૂપિઆમાંથી ચાર આના ધણીને અને છોકરાને નવ આના ચાર પાઈ. દાદીને એક આનો ચાર પાઈ મળશે. તેમજ નાનીને પણ એક આનો ચાર પાઈ મળશે. દાદી, અને નાનીને સરખો ભાગ છે. મર્હુમાની મહેર બાકી હશે તો તે ધણીએ આપવી પડશે. અને તેમાં પણ ઉપર મુજબ ભાગલા પડશે. (કુતુબે ફરાઈઝ)

<u>સવાલ</u> : ૧૦૧ ઉલ્માએ દીન નીચે જણાવેલા હિસ્સા વારસાની વહેંચણી બાબતમાં શું હુકમ કરે છે ? એક બાઈ ગુજરી ગઈ તેના કરીબના વારિસો નીચે પ્રમાણે છે. મર્હુમાનો ધણી, છોકરીઓ બે, સાવકો કાકો એક, એક ભત્રીજો.

<u>જવાબ</u> : ૧૦૧ પ્રથમના શરઈ હકો એટલે કફન દફનનો ખર્ચ તથા કરઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ જે કંઈ માલ બચે તેના કુલ્લે બાર ભાગ કરવા. તેમાંથી ત્રણ ભાગ ધણીને, આઠ

ભાગ બન્ને છોકરીઓ વચ્ચે (દરેક છોકરીને ચાર ભાગ) અને એક ભાગ ભત્રીજાને મળશે. એટલે કે રૂપીઆ એકમાંથી ચાર આના ધણીને, ૧૦-૫૦ આના બે પાઈ બન્ને છોકરીઓ વચ્ચે (દરેક છોકરીને સવા ૫ આના એક પાઈ) અને હવે બચેલા પાંચ પૈસા અને એક પાઈ ભત્રીજાને મળશે. કાકાને કાંઈ મળશે નહિ એવીજ રીતે કુતુબે ફરાઈઝ તથા ફિક્હની કિતાબોમાં છે.

**<u>સવાલ :</u> ૧૦૨** એક ઓરત ગુજરી ગઇ તેના વારિસોમાં ત્રણ છોકરાઓ, છ છોકરીઓ અને એક મા છે. તો તેઓનો શરઈ હિસ્સો કેટલો થશે ?

**<u>જવાબ :</u> ૧૦૨** પ્રથમના શરઈ હકો અદા કર્યા બાદ જે બચે તેના કુલ્લે ૭૨ ભાગ કરવા. તેમાંથી ૧૨ ભાગ મા ને, ૧૦ ભાગ દરેક છોકરાને, દરેક છોકરીને પાંચ ભાગ મળશે. સાવકા છોકરાને કાંઈ મળશે નહિ. મર્હુમાબાઈ જે રીતે કોઈ પણ માલની માલિક થઈ હશે તેમાંથી મા વારસ થાય છે. ધણી તરફથી મર્હુમાને વારસો મળ્યો હોય તેમાં પણ મા ઉપર મુજબ પોતાનો છઠ્ઠો ભાગ મેળવવા હક ધરાવે છે. (સિરાજી)

**<u>સવાલ :</u> ૧૦૩** એક ઓરત ગુજરી ગઇ અને વારિસોમાં તેણીનો ધણી, એક છોકરો અને એક છોકરી છે. એ ઉપરાંત તેણીના ભાઈ બહેનો પણ છે. શરઈ હક કેવી રીતે અદા કરવા ?

**<u>જવાબ :</u> ૧૦૩** પ્રથમના શરઈ હકો અદા કર્યા બાદ

મર્હુમાબાઈની મિલ્કતના ચાર ભાગ કરવા. તેમાંથી ચોથો ભાગ એટલે એક ભાગ ધણીને, બે ભાગ દીકરાને, એક ભાગ દીકરીને મળશે, ભાઈ બહેનોને કંઈ મળશે નહિ.

**સવાલ :** ૧૦૪ એક ઓરત ગુજરી ગઈ તેના વારિસોમાં ત્રણ સગા ભાઈ, ચાર સગી બહેનો અને એક સાવકો ભાઈ છે. તો તેઓના શરઈ હકો શું છે ?

**જવાબ :** ૧૦૪ વારસા વહેંચણી અગાઉના હક અદા કર્યા બાદ દરેક ભાઈને ડબલ હિસ્સો અને દરેક બહેનને સીંગલ હિસ્સો મળશે. જેમકે દશ ભાગ કરવામાં આવે તેમાંથી બે ભાગ દરેક ભાઈ લે, એક ભાંગ દરેક બહેન લે, સાવકા ભાઈને કંઈ મળશે નહિ. (સિરાજી)

**સવાલ :** ૧૦૫ એક માણસ ગુજરી ગયો તેની એક ઓરત, એક છોકરો ને એક છોકરી છે. તે કેવી રીતે વહેંચણી કરવી જોઈએ ?

**જવાબ :** ૧૦૫ પ્રથમના શરઈ હકો અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના કુલ્લે ચોવીસ ભાગ કરવા, તેમાંથી ઓરતને ત્રણ ભાગ, છોકરાને ચૌદ ભાગ, છોકરીને સાત ભાગ મળશે. (સિરાજી)

**સવાલ :** ૧૦૬ એક ઓરત ગુજરી ગઈ છે. તેના વારિસોમાં એક ધણી, બે છોકરા અને એક છોકરી છે. તો દરેકને શું મળશે ?

**જવાબ :** ૧૦૬ વારસા વહેંચણીથી પહેલાંના હકો અદા કર્યા બાદ જે કંઈ બચે તેના વીસ ભાગ કરવા. તેમાંથી

પાંચ ભાગ ધણીને અને દરેક છોકરાને ભાગ ૭ અને છોકરીને ત્રણ ભાગ મળશે. (સિરાજી)

**સવાલ :** ૧૦૭ એક માણસ ગુજરી ગયો પોતાની પાછળ એક પોત્રી તથા એક સગી બહેન છોડી છે. તથા ત્રણ ભત્રીજા અને ત્રણ ભત્રીજીઓ પણ છે. તો હવે મરનારનો વારસો કેવી રીતે વહેંચવો ?

**જવાબ :** ૧૦૭ વારસા વહેંચણીથી પહેલાના શરઈ હકો અદા કર્યા બાદ મર્હુમના માલના સરખે ભાગે બે ભાગ કરે. તેમાંથી એક હિસ્સો પોત્રીને અને એક હિસ્સો સગી બહેનને મળશે. ભત્રીજા તથા ભત્રીજીઓને કંઈ મળશે નહિ. (કુતુબે ફરાઈઝ)

**સવાલ :** ૧૦૮ એક માંણસ ગુજરી ગયો તેના વારિસ એક ઓરત, બે છોકરા, તેમાંથી એક છોકરો ગુજરી ગયો તેની મા અને એક સગો ભાઈ છે. તો દરેકને કેટલું મળશે ?

**જવાબ :** ૧૦૮ મર્હુમની કુલ મિલ્કતના વહેંચણીથી અગાઉના શરઈ હકો અદા કર્યા બાદ ૪૮ ભાગ કરે. તેમાંથી મર્હુમની ઓરતને ૧૩ ભાગ અને છોકરાને ૩૫ ભાગ મળશે.

**સવાલ :** ૧૦૯ એક ઓરત ગુજરી ગઈ તેણીના વારિસોમાં મા, ધણી, એક કાકા બહેન છે. મરનારની ઓલાદ નથી. કાકા ભાઈ નથી, ફોઈ નથી ફોઈની ઓલાદ નથી. શરઈ હુકમ પ્રમાણે શું મળશે ?

**જવાબ :** ૧૦૯ વહેંચણી અગાઉના શરઈ હકો અદા

કર્યા બાદ બાકીની મિલ્કતના બા ભાગ કરવા. તેમાંથી એક ભાગ તેણીના ધણીને અને એક ભાગ તેની માને આપવો. કાકા બહેનને કંઇ મળશે નહિ. એટલે અભાગ્ય છે. (કુતુબે ફરાઈઝ)

<u>સવાલ</u> : ૧૧૦ ઝૈદ પોતાની પાછળ એક ઓરત અને એક ભત્રીજી છોડી ગુજરી ગયો, ત્યારબાદ ઝૈદની ઓરત ગુજરી ગઈ, તેણીએ પોતાની પાછળ એક ભાઇ છોડ્યો છે. તો મર્હુમ ઝૈદની મિલ્કતમાંથી તેણીના ભાઈને હિસ્સો મળશે કે બધો માલ ઝૈદની ભત્રીજીને મળશે ?

<u>જવાબ</u> : ૧૧૦ વહેંચણી અગાઉના હકો અદા કર્યા બાદ એટલે કફન, દફનનો ઝરૂરી ખર્ચ અને કર્ઝ તથા વસીયતના અદા કર્યા બાદ મર્હુમ ઝૈદની મિલ્કતના ચાર ભાગ કરવામાં આવે. તેમાંથી ત્રણ ભાગ મર્હુમની ભત્રીજીને અને એક ભાગ સાળાને એટલે મર્હુમની ઓરતના ભાઈને આપવામાં આવે.

**નોટઃ-** ઉપરની વહેંચણીમાં ભત્રીજીનો જે હિસ્સો લખેલો છે તે તે વખતે મળશે જ્યારે કે મર્હુમના અસબાહમાંથી કોઈ ન હોય, છોકરો, છોકરી, પોત્રો, પોત્રી, પરપોત્રો, પરપોત્રી નીચે સુધી અને ન તો મર્હુમની અસલમાંથી કોઈ હોય. બાપ, દાદો, પરદાદો ઉપર અને ન તો મર્હુમના બાપની અવલાદમાંથી ભાઈ, ભત્રીજો, ભત્રીજાનો છોકરો, ભત્રીજાનો પોત્રો નીચે સુધી અને ન તો મર્હુમના દાદાની અવલાદમાંથી કાકા, કાકાનો છોકરો, કાકાનો પોત્રો નીચે સુધી અગર મજકુર

રિશ્તેદારોમાંથી (સગાં વહાલાં) કોઇ પણ હશે, તો મર્હુમની ભત્રીજીને કંઇ મળશે નહિ.

**સવાલ :** ૧૧૧ એક માણસ ગુજરી ગયો તેના વારિસ આ છે. ૧ ઓરત, ૩ છોકરા, ૩ છોકરીઓ છે. કેવી રીતે વહેંચણી કરવી. ઓરતે પોતાની મહેર માફ કરી આપી છે.

**જવાબ :** ૧૧૧ પૂછેલી સુરતમાં કફન, દફનનો ખર્ચ અને કર્ઝ હોય તો તે, અને વસીયત હોય તો ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ જે બચે તેના ૭૨ ભાગ કરવા ભાગ ૯ ઓરતને, ને દરેક છોકરાને ભાગ ૧૪, દરેક છોકરીને ભાગ સાત મળશે. સવાલમાં દર્શાવ્યા મુજબ ઓરતે પોતાની ખુશીથી મહેર માફ કરી આપી છે તે મંજુર રાખવામાં આવશે. એટલે ઓરતને વારસા વતરોક મહેર મળશે નહિ. (સિરાજી, બહર)

**સવાલ :** ૧૧૨ મર્હુમ કાસમ ખલીફાની બે અવલાદ એક છોકરો અને છોકરી છે. ને હુસેન કાસમ ખલીફાના બે છોકરા નામે અહમદ હુસેન ખલીફા અને ઈસ્માઈલ હુસેન ખલીફા તથા છોકરીની અવલાદ છે. અને હયાત છે, તેમાં (૧) ઈસ્માઈલ હસન મન્સુર (૨) ઈસપ હસન મન્સુર (૩) અહમદ હસન મન્સુર (૪) મરયમ હસન મન્સુર (૫) હવા હસન મન્સુર. તેમાં મર્હુમ કાસમ ખલીફા ગુજરી જવા બાદ તેનો છોકરો નામે અહમદ હુસેન ખલીફા ગુજરી ગયા. તે પછી કાસમ ખલીફાની ફોઈ, તે પછી બધા હયાત છે. તેમાં હુસેન કાસમ ખલીફાનો છોકરો ઈસ્માઈલ હુસેન ખલીફા

હયાત છે. અને હુસેન કાસમ ખલીફાની બેન આયશા, કાસમ ખલીફાની પાંચે અવલાદ હયાત છે. તેમાં પાંચ અવલાદનું નામ ઉપર લખેલા પ્રમાણે છે. તે હયાત છે તે પૈકીમાં હુસેન કાસમ ખલીફાએ એક ગાળો ઘર વેચાણ રાખ્યું હતું વાણિયા પાસેથી, અને મારી ફોઈની અવલાદ તેની સાથે રહેતી હતી. અને હુસેન કાસમ ખલીફાના બે છોકરા તેમાં મોટો છોકરો નામે મર્હુમ અહમદ હુસેન ખલીફા ગુજરી ગયા બાદ એક છોકરો નામે ઈસ્માઈલ હુસેન ખલીફા હયાત છે. તો એ મિલ્કતમાં શરીઅત પ્રમાણે કોનો કોનો હિસ્સો લાગે તે વિગતવાર છુટો છુટો હિસ્સો, વહેંચણી કરી ખુલાસો લખી દેવા મહેરબાની કરશો.

<u>જવાબ</u> : ૧૧૨ વારસા વહેંચણીથી અગાઉના હકો (કફન, દફન, કર્ઝ) અદા કર્યા બાદ મર્હુમ કાસમ ખલીફાની મિલ્કત તેના છોકરા અને છોકરી દરમિયાન વહેંચી આપે છોકરાને ડબલ અને છોકરીને સીંગલ, એક રૂપિયામાંથી છોકરાને રૂા. ૦-૧૦-૮ અને છોકરીને રૂા. ૦-૫-૪ મળશે. ત્યાર બાદ મર્હુમ કાસમના છોકરા હુસેનનો જે હિસ્સો છે, તે તેના છોકરા અને પોતાના દરમિયાન સરખા ભાગે વહેંચી આપે.

મર્હુમ કાસમની છોકરી આયશાબીબીનો હિસ્સો તેની પાંચ અવલાદમાં વહેંચી આપે છોકરાને ડબલ છોકરીને સીંગલ. (કુતુબે ફરાઈઝ)

<u>સવાલ</u> : ૧૧૩ એક માણસ ગુજરી ગયો તેને બે

છોકરીઓ અને એક ઓરત, એક ભાઈ અને ત્રણ બહેનો પણ છે. માટે જો ઓરત અને બે છોકરીઓ હોવા છતાં ભાઈ અને ત્રણ બહેનોનો હક લાગતો હોય તો ઠીક અને જો ઓરત અને છોકરીઓ ના હોવા છતાં એક ભાઈ અને ત્રણ બહેનોનો હક ન લાગે તો પછી આનો જવાબ આપશો.

**જવાબ :** ૧૧૩ શરઈ હકો (કફન, દફન, કર્ઝ, વસીયત) અદા કર્યા બાદ બાકીની મિલ્કતના ચોવીસ ૨૪ ભાગ કરવા, તેમાંથી અવરતને ત્રણ ભાગ, દરેક છોકરીને આઠ ભાગ અને મર્હુમના ભાઈને બે ભાગ અને મર્હુમની દરેક બહેનને એક એક ભાગ મળશે. મતલબ કે ઓરત છોકરીઓ સાથે બે કે વધુ હોય છતાં મર્હુમના ભાઈ બહેનનો પણ હક લાગે છે. માટે ઉપર પ્રમાણે વહેંચણી કરવી. (સિરાજી)

**સવાલ :** ૧૧૪ એક માણસ ગુજરી ગયો તેના બે છોકરા અને ત્રણ છોકરીઓ છે. તો દરેક ભાઈ બહેનને કેટલો હિસ્સો મળશે ?

**જવાબ :** ૧૧૪ શરઈ હકો અદા કર્યા બાદ બાકીની મિલ્કત મર્હુમની અવલાદમાં વહેંચી આપવી. છોકરાને છોકરી કરતાં ડબલ એટલે પૂછેલી સુરતમાં મિલ્કતના સાત ભાગ કરવા તેમાંથી દરેક છોકરાને બે ભાગ અને દરેક છોકરીને એક એક ભાગ આપવો. (કુતુબે ફરાઈઝ)

**સવાલ :** ૧૧૫ એક મિલ્કત છે તેની માલિક એક બાઈ છે. બાંઈના મરણ પછી નીચેના વારિસદારોને શરીઅત

મુજબ પહોંચે તે તફસીલે લખી આપશો. (૧) મરનારનો ધણી બાઈ સાથે જ્યારે શાદી થઇ ત્યારે બાઇ નાબાલિગ હતી તે તેના લીધે શારદા એક્ટના વિરૂદ્ધ કુમસમાં નિકાહ થયા. હવે જ્યારે બાઇ બાલિગ થઇ ત્યારે તેને તેના ધણીએ બોલાવી નહિ ને કોઇ પણ તરેહનો દુન્યવી કે ઘર સંસાર થયો નહિ અને બાઇ ધણીના ઘર જવા પહેલાં ગુજરી ગઇ (૨) મરનારની મા, (૩) મરનારની કાકાની છોકરી (૪) મરનારનો મામો.

**<u>જવાબ :</u>** **૧૧૫** વહેંચણીથી અગાઉના શરઈ હકો એટલે કફન, દફનનો જરૂરી ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ મર્હુમા બાઇની મિલ્કત તેના ધણી અને તેની માને અડધી અડધી વહેંચી આપે મર્હુમા બાઇનો મામો અને કાકા બહેન એ બન્ને મહરૂમ છે. એમને કંઇ મળશે નહિ.

(**નોટ :** બાઈની મહેર બાકી હશે તો તે પણ ઉપર મુજબ ધણી અને માને અડધી અડધી ભાગે મળશે.) (સિરાજી)

**<u>સવાલ :</u>** **૧૧૬** એક ઓરત ગુજરી ગઇ તેની છોકરીઓ ૨ છે. પોતરા ૪, અને પોતરીઓ ૬ છે. એની કેવી રીતે વહેંચણી કરવી ?

**<u>જવાબ :</u>** **૧૧૬** પ્રથમના શરઈ હકો એટલે કફન, દફનનો જરૂરી ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ જે કંઇ બચે તેના ૪૨ ભાગ કરવા. તેમાંથી દરેક છોકરીને ભાગ ૧૪ અને દરેક

પોતરાને ભાગ ૨ અને દરેક પોતરીને ભાગ ૧ મળશે.

**સવાલ :** ૧૧૭ એક માણસ ગુજરી ગયો તેને ૪ છોકરીઓ છે. અને ૪ બહેનો છે. અને ૧ ભત્રીજો છે. મર્હુમના માલની વહેંચણી કેવી રીતે કરવી ?

**જવાબ :** ૧૧૭ વારસા વહેંચણીથી અગાઉના શરઈ હકો (કફન, દફન, કર્ઝ, વસીયત હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી) અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના બાર ભાગ કરવા. તેમાંથી મર્હુમની દરેક છોકરીને બે બે ભાગ અને દરેક બહેનને એક એક ભાગ મળશે. મર્હુમનો ભત્રીજો મહરૂમ એટલે અભાગ્ય છે. (સિરાજી શરીફ)

**સવાલ :** ૧૧૮ એક માણસ ગુજરી ગયો પોતાની પાછળ ઓરત, બહેન અને મા તથા પોતાના મામાની છોકરી છોડી ગયો છે. રૂા. ૭૫૦ જમા છે. તો શું મળશે ?

**જવાબ :** ૧૧૮ મર્હુમની મિલ્કત રૂા. ૭૫૦ જમા છે. તેમાંથી ઓરતને રૂા. ૧૭૩-૨-૦ અને બહેનને ૩૪૬-૨-૦ અને માને ૨૩૦-૧૨-૦ મળશે. અને મામાની છોકરી મહરૂમ થશે. (સિરાજી શરીફ)

**સવાલ :** ૧૧૯ એક બાઈ ગુજરી ગયા, તેનાં વારિસો આ પ્રમાણે છે. ધણી, સગી મા, બે છોકરા, અને ચાર છોકરીઓ છે. દરેકને કેટલો ભાગ મળશે તે લખી જણાવશો.

**જવાબ :** ૧૧૯ પુછેલી સૂરતમાં કફન, દફનનો ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તે ૧/૩ સુધીમાંથી અદા કર્યા બાદ તેણીની માલ મિલ્કતના ૯૬ ભાગ કરવા.

તેમાંથી માને સોળ ભાગ, ધણીને ચોવીસ ભાગ, અને દરેક છોકરીને સાત સાત ભાગ મળશે. (એ રીતે કુતુબે ફરાઈઝમાં છે)

<u>**સવાલ :**</u> **૧૨૦** એક માણસ ગુજરી ગયા તેમના વારિસો આ મુજબ છે. ૧ ઓરત, ૪ છોકરા, ૧ છોકરી છે. તેમાંથી મર્હુમના બે છોકરા મુહમ્મદ અને અહમદ ગુજરી ગયા. તેમની ઓરતો છે તથા તેમની મા અને તેમના ભાઈ બહેનો છે. વહેંચણી કેવી રીતે થશે ?

<u>**જવાબ :**</u> **૧૨૦** વહેંચણીથી અગાઉના શરઈ હકો (કફન, દફન, કર્ઝ, વસીયત) અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના બોંત્તેર ૭૨ ભાગ કરવા તેમાંથી મર્હુમની વિધવાને ૯ ભાગ, ૪ છોકરામાંથી દરેકને ૧૪ ભાગ, છોકરીને ૭ ભાગ મળશે. ત્યાર બાદ મર્હુમના છોકરા મુહમ્મદ અને અહમદને કંઈ ઔલાદ ન હશે તો તેઓને જે હિસ્સા મળ્યા છે અને તે વગર બીજી જે કંઈ મિલ્કત હોય તો તેમાં તેમની ઓરત તથા મા તથા તેમના ભાઈ બહેનો બધાનો હક લાગશે. (કુતુબે ફરાઈઝ)

<u>**સવાલ :**</u> **૧૨૧** એક માણસ ગુજરી ગયો પાછળ એક ઓરત, એક છોકરો અને બે છોકરીઓ છોડી છે. તો વારસા વહેંચણી કેવી રીતે કરવી ? ઓરતે પોતાની મહેર માફ કરી છે.

<u>**જવાબ :**</u> **૧૨૧** પુછેલી સૂરતમાં કફન, દફનનો જરૂરી ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા

ભાગમાંથી અદા કર્યા બાદ મર્હુમની જે કાંઇ માલ મિલ્કત બચે તેના ૩૨ ભાગ કરવા. તેમાંથી મર્હુમની વધવાને ૪ ભાગ, છોકરાને ૧૪ ભાગ, દરેક છોકરીને ૭-૭ ભાગ મળશે. એટલે રૂપીઆ એકમાંથી ઓરતને બે આના, છોકરાને સાત આના દરેક છોકરીને સાડા ત્રણ આના મળશે. (સિરાજી શરીફ)

**સવાલ : ૧૨૨** એક માણસ ગુજરી ગયા છે. તેમના વારિસોમાં માત્ર એકજ છોકરી છે. અને તેના કાકા ભાઈનો એક છોકરો છે. વારસો કેવી રીતે વહેંચાશે.

**જવાબ : ૧૨૨** પુછેલી સૂરતમાં કફન, દફનનો જરૂરી ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ મર્હુમનો જે કાંઇ માલ બચે તેમાંથી અર્ધો ભાગ છોકરીનં અને બાકી રહેલો અર્ધો ભાગ કાકા ભાઈના છોકરાને મળશે. એટલે રૂા. ૧ માંથી આઠ આના છોકરીને આઠ આના ભત્રીજાને મળશે. (સિરાજી શરીફ)

**સવાલ : ૧૨૩** એક શખ્સ ગુજરી ગયો છે. મરનારની પાછળ તેની સગી બહેન છે. અને ઓરત છે. મરનારની કોઇ પણ જાતની અવલાદ નથી. હવે મરનારની મિલ્કતમાંથી તેની સગી બહેન, અને ઓરતને કઇ પ્રમાણે હિસ્સા વહેંચણી કરવી ? તેમજ મરનારની ઓરત પાસે મરનારે જનસ બનાવવા માટે રોકડ રૂા. ૧૦૦૦ આપેલા છે. તેમાંથી મરનારની ઓરત પાસે શાદી વખતની જનસ છે, તેમાંથી મરનારની

બહેનનો હિસ્સો મળે કે કેમ અને મળે તો કેટલો મળે ?

**જવાબ :** ૧૨૩ વહેંચણીથી અગાઉના હકો (જરૂરી કફન, દફન, કર્ઝ, વસીયત ત્રીજા હિસ્સામાંથી) અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના ચાર ભાગ કરવા તેમાંથી એક ભાગ મર્હુમની ઓરતને અને બાકીના ત્રણ ભાગ મર્હુમની સગી બહેનને મળશે. દાખલા તરીકે એક રૂપીઆમાંથી ચાર આના મર્હુમની ઓરતને અને બાર આના મર્હુમની સગી બહેનને મળશે.

મર્હુમે પોતાની ઓરતને જનસ બનાવવા રૂા. ૧૦૦૦ જે આપ્યા છે, તેમ શાદી વખતે જે જનસો આપી હતી તે બખશિશ ન કરી હોય તો તેમાં પણ મર્હુમની સગી બહેનનો હિસ્સો છે. તેની પણ ઉપર પ્રમાણે વહેંચણી કરે. (સિરાજી શરીફ)

**સવાલ :** ૧૨૪ એક માણસ ગુજરી ગયો તે પોતાની પાછળ એક વિધવા ત્રણ છોકરાઓ એક છોકરી મુકી ગયો. કેટલાક દિવસ પછી પ્રથમ વચલો છોકરો ગુજરી ગયાં તેની એક વિધવા, છ છોકરા ને ત્રણ છોકરીઓ હયાત છે. બે માસ પછી નાનો છોકરો ગુજરી ગયો જેને બે છોકરીઓ એક વિધવા છે. તો હવે શરીઅત પ્રમાણે મર્હુમ બાપની મિલ્કતની કેવી રીતે વહેંચણી કરવી તે લખશો.

**જવાબ :** ૧૨૪ પુછેલી સૂરતમાં કફન, દફન જરૂરી ખર્ચ ને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના ૧૪૪૦ ભાગ

કરવામાં આવે. તેમાંથી મર્હુમની વિધવાને ૨૪૦ ભાગ, છોકરાને ૩૭૦ ભાગ, છોકરીને ૧૮૫ ભાગ મર્હુમના દરેક પોત્રને ૪૨ ભાગ, વચલા છોકરાની દરેક છોકરીને ૨૧ ભાગ, અને તેની વિધવાને ૪૫ ભાગ, અને નાના છોકરાની દરેક છોકરીને ૧૨૦ ભાગ, અને તેની વિધવાને ૪૫ ભાગ મળશે. (સિરાજી શરીફ)

<u>સવાલ :</u> **૧૨૫** ઈજમતખાં નામનો એક માણસ પોતાની પાછળ ચાર છોકરા, અનુક્રમે ઈમામખાં, કરીમખાં, અને અકબરખાં ત્થા ફાતમાબીબી નામની એક છોકરી મુકી ગુજરી ગયા. એમના ગુજરી જવા પછી બધાથી પહેલો અકબરખાં ગુજરી ગયો. જેની ન તો ઓરત છે ન કોઈ બાલબચ્ચું છે. એના મરી ગયા પછી રહીમખાં પોતાની પાછળ પોતાની નવાસી અને પોતાનો જમાઈ મુકી મરી ગયા.

એ યાદ રહે કે રહીમખાંની છોકરી ખતીજાબીબી રહીમખાં પછી મરી ગઈ રહીમખાંની ઓરત મરી ગઈ છે. એટલે નવાસી અને જમાઈ હયાત છે. એ પછી ઈમામખાં ગુજરી ગયા. તેમનું કોઈ વાલી વારસ નથી એમના ગુજરી ગયા પછી કરીમખાં ગુજરી ગયા જેમની પાછળ ઓરત સિવાય બીજું કોઈ નથી.

મતલબ કે ઈજમતખાં મિલ્કતમાં હકદારો તરીકે આજે નવાસી હુસેનાબીબી, મર્હુમ કરીમખાંની ઓરત અને ઈજમતખાંની છોકરી ફાતમાબીબી આજે હયાત છે. રહીમખાંનો જમાઈ ઈસ્માઈલખાં આજે હયાત છે તો આપ શરીઅતના

કાનૂન પ્રમાણે શો હુકમ આપો છો તે લખશો.

**જવાબ : ૧૨૫** વહેંચણીના અગાઉના હકો અદા કર્યા બાદ મર્હુમ ઈજમતખાંની મિલ્કતના ૮૪૦ ભાગ કરવા. તેમાંથી મર્હુમની છોકરી ફાતમાને ૬૪૯ ભાગ, છોકરા કરીમની ઓરતને ૧૦૧ ભાગ, અને છોકરા રહીમની નવાસી હુસેનાને ૬૦ ભાગ, અને તેના જમાઈ ઈસ્માઈલને ૩૦ ભાગ આપવા. (કુતુબે ફરાઈઝ)

**સવાલ : ૧૨૬** એક ઓરત હયાત છે. તેના ત્રણ છોકરા એક છોકરી હતી. તેમાંથી બે છોકરા ગુજરી ગયા. મર્હુમ છોકરાઓમાંથી એક છોકરાને બે છોકરીઓ અને એક ઓરત છે. બીજા મર્હુમ છોકરાની એક ઓરત અને છ છોકરા અને ત્રણ છોકરીઓ હયાત છે. મજકુર બાઈ પોતાની ઝિંદગીમાં પોતાની મિલ્કત વહેંચવા ચાહે છે. તો શરીઅત મુજબ કેવી રીતે વહેંચણી કરવી ? મજકુર બાઈ પોતાની રાજી ખુશીથી કોઈને વધતું ઓછું આપવા માગે તો તે આપી શકે છે કે નહિ ?

**જવાબ : ૧૨૬** મજકુર ઓરત પોતાના ગુજરાન માટે અને કફન, દફનના ખર્ચ માટે, તથા કર્ઝ હોય તો તે અદા કરવા માટે જેટલું જોઈએ તેટલું, તેમજ કોઈ લિલ્લાહ કામ માટે વકફ કરવું હોય, તો તે કર્યા પછી જે બાકી રહે તેમાંથી હનફી મઝહબ મુજબ બેહતર એ છે કે દરેક વારિસને પોતાની હયાતીમાં સરખે ભાગે વહેંચી આપે. વારસો આપવાની શરીઅતી રીત મુજબ છોકરીને સીંગલ અને છોકરાને ડબલ

હયાતીમાં આપવું હનફી મઝહબમાં મકરૂહ છે. છતાંય જો કોઈ આપવા માગશે તો દુરૂસ્ત થઈ જશે. એ યાદ રહે કે વારસો મર્યા પછી વહેંચાય છે. અને હયાતીમાં જે વહેંચવામાં આવે છે તે બખશિશ કહેવાય છે. પોત્ર અને પોત્રીઓ મજકુર બાઈના વારિસ નથી. અગર તેઓને કંઈ આપવા માંગે તો પોતાની હયાતીમાં આપી તેઓને સ્વતંત્ર માલિક બનાવી આપે. છેવટે કોઈ કારણ કે શરીઅતની જરૂરતના ઉપયોગમાં આવે તે વગર કોઈ વારિસને તેના હકથી ઓછું આપવું મોટો ગુનો છે. રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એ ફરમાવ્યું છે કે જે માણસ શરીઅતી જરૂરતના ઉપયોગમાં આવે તે વગર પોતાના વારિસને હક ન આપે તો તેને અલ્લાહ તઆલા જન્નતથી મહરૂમ રાખશે. (મિશ્કાત શરીફ, દુર્રે મુખ્તાર)

<u>સવાલ :</u> ૧૨૭ છોકરીની મા ગુજરી ગયા પછી છોકરી પોતાના મામાને ત્યાં રહી પરવરિશ પામી હતી. અને ત્યાંજ કંઠ માળાના રોગથી પોતાની માની પાછળ એક વર્ષ પછી મરણ પામી. છોકરીનો ખર્ચ બધો મામાએ ઉઠાવ્યો હતો. છોકરીના કુટુંબમાં પોતાની માનો તથા બાપનો સગો કાકો છે અને તેના ચાર છોકરા છે. ઉપરાંત એજ માણસો ચારેવ છોકરીના મામા પણ થાય છે. તો હવે છોકરીના હિસ્સામાંથી કોણ હિસ્સેદાર ગણાય તે જણાવવા મહેરબાની કરશો.

<u>જવાબ :</u> ૧૨૭ છોકરીનો જરૂરી ખર્ચ (કફન, દફન, ખાવા પીવાનો વગેરે) જે તેના મામાએ ઉઠાવ્યો છે તે તેને

આપ્યા બાદ બાકીની બધી મિલ્કત તેના બાપના સગા કાકાને મળશે. છોકરીનો મામો અભાગ્ય છે.

**સવાલ :** ૧૨૮ એક માણસના પાંચ છોકરાઓ છે. તેણે પોતાની હયાતીમાં તેમાંના બે છોકરાઓના નામ પર અમુક મિલ્કત ખરીદ કરી હતી. ત્યાર પછી તે માણસ ગુજરી ગયો. એ સ્થિતિમાં શરીઅતી કાયદા પ્રમાણે બીજા છોકરાઓનો તેમાં હક લાગે કે નહિ ? તે લખશો. એ પાંચ છોકરાઓમાં એક છોકરાનો છોકરો ગુજરી ગયો. જેની એક વિધવા અને અવલાદ પણ છે. તો સસરાની મિલ્કતમાંથી વિધવા અને પોત્રીઓને કંઈ મળશે નહિ ? એ યાદ રહે કે વિધવા બાઈનો દીયર અને નણંદ એટલે કે મર્હુમના ભાઈ અને બહેન હયાત છે. એ સ્થિતિમાં પોત્રાઓને કંઈ મળશે ? કે પછી ફક્ત ભાઈ બહેનને જ મળશે ?

**જવાબ :** ૧૨૮ કોઈના નામ પર મિલ્કત ખરીદવાથી તે માલિક થઈ જતો નથી. જ્યાં સુધી તેને કબ્જો કરાવ્યો ન હોય, પૂછેલી સુરતમાં મર્હુમે જે મિલ્કત પોતાના છોકરાઓમાંથી એક બેના નામ ઉપર ખરીદ કીધી છે તેમાં બધા છોકરાઓનો હક છે. બધા છોકરાઓ સરખા ભાગે વહેંચી લે. વધુમાં જે અમુક છોકરાઓના નામ પર મિલ્કત ખરીદ કરી હોય અને તેનો કબ્જો કે વહીવટ પુરેપુરો તેમને સોંપવામાં આવ્યો હોય તો બીજાઓનો હક લાગશે નહિ.

જ્યારે એ પાંચ છોકરાઓમાંના એક છોકરાનો છોકરો બાપની હયાતીમાં ગુજરી ગયો છે તો બાપની મિલ્કતમાંથી

તેના અવલાદ અને વિધવાને હક મળશે નહિ. મર્હુમના ભાઈ અને બહેનનો તેમાં પુરેપુરો હક છે. એની મિલ્કત તેઓ છોકરાને ડબલ અને છોકરીને સીંગલ ભાગે વહેંચી લે. એટલે કે ભાઈને ડબલ હિસ્સો અને બહેનનો સીંગલ હિસ્સો મળશે. બાપની મિલ્કતમાંથી તે ત્રણ ભાગ કરે તેમાંથી બે ભાગ એક ભાઈ લે. અને ભાગ બહેનને આપે. (કુતુબે ફરાઈઝ)

**સવાલ :** ૧૨૯ એક માણસ મરી ગયો તેની એક વિધવા ત્રણ છોકરા અને એક છોકરી હયાત છે. ત્રણ છોકરા પૈકી ગુલામ મહમ્મદ નામનો છોકરો કહે છે કે મેં મારી માનું બાર વર્ષ સુધી પાલણપોષણ તેમજ કફન, દફન કર્યું છે. તો એ બેઉ મર્હુમોનો વારસો કેવી રીતે વહેંચવો ?

**જવાબ :** ૧૨૯ પૂછેલી સૂરતમાં પ્રથમના શરઈ હકો અદા કર્યા બાદ મર્હુમનો જે કંઈ માલ બચે તેના આઠ ભાગ કરવા તેમાંથી ભાગ એક વિધવાને, દરેક છોકરાને બે બે ભાગ, અને છોકરીને એક ભાગ આપવો. એટલે રૂપિયા એકમાંથી આના બે વિધવાને, આના ચાર ચાર દરેક છોકરાને, અને આના બે છોકરીને મળશે. હવે મર્હુમની વિધવા ગુજરી ગયાં તેના વારસો પણ આ ત્રણે છોકરા અને એક છોકરી છે. એના હિસ્સાના સાત ભાગ કરવામાં આવે. તેમાંથી દરેક છોકરાને બે બે ભાગ અને છોકરીને એક ભાગ મળશે.

ગુલામ મહમ્મદે જે નાણાં પોતાની માના માટે ખર્ચ કર્યા છે. તેમજ કફન, દફનનો ખર્ચ કર્યો છે. તે કાયદેસર સાબિત થયેલી વહેંચણીથી અગાઉ ગુલામ મુહમ્મદને આપી દેવા જોઈએ.

**સવાલ :** ૧૩૦ મર્હુમ કાદિરભાઇ ગુજરી ગયા છે. તેમના વારિસો આ છે. ૧ વિધવા, ૧ સાવકી બહેનનો છોકરો, બહેન મર્હુમથી પહેલાં ગુજરી ગયેલાં અને મર્હુમના સગા મામાનો છોકરો ૧ અને સાવકા મામાના છોકરા ૨, એ સિવાય કાદિરભાઈના કુટુંબમાં બીજો કોઈ નથી.

**જવાબ :** ૧૩૦ પૂછેલી સુરતમાં પ્રથમના શરઈ હકો એટલે કફન, દફનનો જરૂરી ખર્ચ અને કર્ઝ હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ કાદિરભાઈની મિલ્કતના ચાર ભાગ કરવા. જેમાંથી ૧ ભાગ ઓરતને અને ૩ ભાગ મર્હુમના ભાણેજ ગુલામનબી હાફિઝ પીર મહમ્મદને. એટલે રૂપીયા એકમાંથી ચાર આના ઓરતને અને બાર આના ભાણેજને મળશે. મર્હુમ કાદિરભાઈની સગી બહેન ન હતી. એટલે સાવકી બહેનના છોકરાને મળશે. તેમજે મર્હુમના મામાના છોકરાઓ કરતાં બહેનંનો છોકરો સગાઈમાં નજદીક છે. તેથી ભાણેજ વારિસ થશે. મામાના છોકરાઓને કંઈ મળશે નહિ. અને ઓરતની મહેર બાકી હશે, તો તે તેણીના વારસા વતરીક આપવી પડશે. કારણ કે બાકી મહેર કર્ઝ સમાન છે.

**સવાલ :** ૧૩૧ નીચે મુજબ એક મર્હુમા બાઈના વારિસો છે. ધણી, એક છોકરી, બાપ, મા, પાંચ ભાઈ, એક બહેન. વારસો કેવી રીતે વહેંચવો ?

**જવાબ :** ૧૩૧ વારસા વહેંચણી અગાઉના જરૂરી હકો કફન, દફન, કર્ઝ વસીયત ત્રીજા ભાગમાંથી પ્રથમ અદા કર્યા બાદ મર્હુમા બાઈની મિલ્કતના ૧૩ ભાગ કરવા. તેમાંથી

તેણીના ધણીને ત્રણ ભાગ, છોકરીને છ ભાગ, તેણીના બાપને બે ભાગ, તેણીની માને બે ભાગ આપવા. તેણીના ભાઈઓ અને બહેન મહરૂમ (અભાગ્ય) છે. મર્હુમની મહેર બાકી હશે તો તે રકમ પણ ઉપર મુજબ વહેંચવામાં આવશે.

**<u>સવાલ</u> :** ૧૩૨ મારો બાપ ગુજરી ગયો અને આજે તેના વારિસદારોમાં અમો બે ભાઈ ચાર બહેનો અને અમારી મા અને અમારી એક સાવકી બેન છે. તો મારા બાપના માલની વહેંચણી કેમ કરવી ?

**<u>જવાબ</u> :** ૧૩૨ પુછેલી સુરતમાં વારસા વહેંચણી પહેલાના હકો પ્રથમ અદા કર્યા બાદ જે માલ બચે તેના ૭૨ ભાગ કરવા. તેમાથી મર્હુમની વિધવાને ૯ ભાગ આપવા. અને દરેક ભાઈઓને ૧૪ ભાગ, દરેક બહેનોને ૭ ભાગ મળશે. વિધવાની મહેર બાકી હશે તો તે વારસા વતરોક વિધવાને આપવી જરૂરી છે. (સિરાજી શરીફ)

**<u>સવાલ</u> :** ૧૩૩ મારા બાપે પોતાની હયાતીમાં મારી મોટી બહેન જે સાવકી બહેન છે. તેને અને મને પરણાવ્યા તો અમો બેઉને જીનસ અને જહેઝ સરસામાન વગેરે પણ આપ્યું છે. ત્યારે મારી બીજી બહેનો જે હાલમાં મારા બાપના ઘરમાં છે. તેઓને મારા બાપે પોતાની હયાતીમાં જીનસો આપેલી છે. તો આજે મારા બાપના ગુજરી ગયા પછી મારી મોટી (સાવકી) બહેન મારી જે બીજી બહેનો કે જેઓ બાપના ઘરમાં રહે છે તેની જણસોમાંથી પણ વારસો માગે છે. તો શું બાપના ઘરમાં રહેતી બહેનોની જીનસોને બાપનો માલ ગણી વારસો વહેંચવો ?

**જવાબ :** ૧૩૩ પૂછેલી સુરતમાં તમારા બાપે તમારી શાદીમાં જે કંઈ તમને આપ્યું છે. તેમજ તમારી બહેનોને જે કંઈ આપ્યું છે તે બક્ષિશ આપી સ્વતંત્ર માલિક બનાવી દીધા હોય, અને કબજો પણ કરાવી આપ્યો હોય તો જેની પાસે જે કંઈ હોય તે તેનું જ છે. તેમાંથી વારસો નથી. પરંતુ કોઈને બક્ષિશ કાયદેસર બાપે કર્યું ન હોય માત્ર જીનસો વગેરે પહેરવા આપી હોય તો તેમાં બધા વારિસોનો હક છે શાદી વેળા છોકરીઓને બાપ તરફથી જહેઝ આપવામાં આવે છે તે બક્ષિશ છે. એમાં બીજા વારિસોનો હક નથી. (મજમુઅહ ફતાવા)

**સવાલ :** ૧૩૪ એક માણસ ગુજરી ગયો છે. અને તેના વારિસદારોમાં તેના ૩ છોકરા, ૧ ઓરત, અને ૩ છોકરીઓ છે. તો મર્હુમની મિલ્કતના કેટલા ભાગ પાડવા ? તેમ તેમની ઘરવાલીનો ભાગ પહેલાં કાઢીને તે બાદ બાકીના માલની વહેંચણી કેવી રીતે કરવી ?

**જવાબ :** ૧૩૪ વારસા વહેંચણીથી અગાઉના હકો જેવા કે (કફન, દફન, કર્ઝ, વસીયત ત્રીજા ભાગ સુધીમાંથી) અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના ૭૨ ભાગ કરવા. તેમાંથી મર્હુમની ઓરતને ૯ ભાગ, અને દરેક છોકરાને ૧૪ ભાગ અને દરેક છોકરીને ૭ ભાગ આપવા.

**તા.ક.:-** ઓરતની મહેર મર્હુમની ઉપર બાકી હોય, આપી ન હોય, અથવા માફ ન કીધી હોય તો તે વહેંચણી પહેલાં આપવી જરૂરી છે. પછી બાકીની મિલ્કત ઉપર પ્રમાણે વહેંચવી. વારસદાર બાઈ પોતાની મહેરની માલિક છે.

**<u>સવાલ</u> :** ૧૩૫ એક બાઈ ગુજરી ગઈ તેમના પાછળ મર્હુમાનો ધણી, છોકરો ૧, અને છોકરીઓ ૨, તેમાં પહેલી છોકરી બાવીસ દિવસની થઈ ગુજરી ગઈ. બીજી છોકરી જવાન થઈ ગુજરી ગઈ. કોઈ એમના વારિસોમાં નથી બન્ને છોકરીઓ મા કરતાં પહેલા ગુજરેલી હતી.

**<u>જવાબ</u> :** ૧૩૫ વારસા વહેંચણીથી અગાઉના હકો (કફન, દફન, કર્ઝ, વસીયત ત્રીજા ભાગમાંથી) અદા કર્યા બાદ મર્હુમા બાઈની મિલ્કતના ૪ ભાગ કરવા. તેમાંથી ૧ ભાગ ધણીને અને બાકીની ૩ ભાગ છોકરાને મળશે. (કુતુબે ફરાઈઝ)

**<u>સવાલ</u> :** ૧૩૬ એક બાઈ ગુજરી ગયા. તેમના વારિસોમાં અવલાદ તથા મા ભાઈ કોઈ નથી ધણી પણ તેણીથી પ્રથમ ગુજરી ગએલો. બાઈના સગા કાકાના બે છોકરા છે અને કાકાની છોકરીઓ ૩ છે. એ સિવાય બીજું કોઈ નથી.

**<u>જવાબ</u> :** ૧૩૬ વારસા વહેંચણીથી અગાઉના હકો (કફન. દફન, કર્ઝ, વસીયત ત્રીજા ભાગમાંથી) અદા કર્યા બાદ મર્હુમા બાઈની મિલ્કતના વારિસ તેના સગા કાકાના બે છોકરા છે. બન્ને અડધી અડધી મિલ્કત વહેંચી લે. એટલે રૂા. ૧ માંથી બન્ને કાકાભાઈઓને આઠ આઠ આના મળશે. તેણીના કાકાની છોકરીઓ અભાગ્ય છે.

**નોટઃ-** જો બાઈની મહેર બાકી હશે તો તે પણ તેણીને ધણીના માલમાંથી વારસા વતરીક મળશે. અને તેના પણ ઉપર મુજબ બન્ને કાકાભાઈઓ હકદાર છે. (સિરાજી શરીફ)

**<u>સવાલ</u> :** ૧૩૭ એક શખ્સ ગુજરી ગયો છે. તેના

વારિસો નીચે મુજબ છે, તે દરેકને રૂા. ૧૦૦ અંકે એકસોમાંથી કેટલા કેટલા આપવા ? મરનારની વિધવા ૧, માતાજી ૧, છોકરો સગીર ૧, સગીર છોકરી ૧, બીજા સગા નીચે મુજબ છે. ૧ કાકા, ૧ ભાઇ, ૪ બહેનો.

__જવાબ :__ ૧૩૭ પુછેલી સૂરતમાં લખવાનું કે પ્રથમના શરઈ હકો અદા કર્યા બાદ જે કંઇ બચે તેના ૭૨ ભાગ કરવા. તેમાંથી વિધવાને ભાગ ૯ રૂા. ૧૨-૮-૦ અને માતાજીને ભાગ ૧૨ રૂા. ૧૬-૧૦-૮ અને છોકરીને ભાગ ૧૭ રૂા. ૨૩-૯૯ મળશે. અને બાકી ૧ પાઇ વધે છે તે બધા વારિસો ખુશીથી જેમ જોઇએ તેમ કરે. મર્હુમના કાકા બાઇ, અને બહેનો મહરૂમ છે. તેમને કંઇ મળશે નહિ. (કુતુબે ફરાઈઝ)

__સવાલ :__ ૧૩૮ એક માણસ ગુજરી ગયો, મર્હુમને અવલાદ નથી. નીચે પ્રમાણે વારિસો છે. બે ઓરત, એક ભાઇ ત્રણ બહેન.

__જવાબ :__ ૧૩૮ વારસા વહેંચણીથી અગાઉના હકો (ઝરૂરી કફન, દફન, કર્ઝ, વસીયત ત્રીજા ભાગમાંથી) અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના ૪૦ ભાગ કરવા તેમાંથી મર્હુમની દરેક ઓરતને ૫ ભાગ, ભાઇને ૧૨ ભાગ, અને દરેક બહેનને ૬ ભાગ આપવા.

__સવાલ :__ ૧૩૯ એક માણસ ગુજરી ગયો તેના સગા ભાઈની હયાતીમાં તેના ભત્રીજાઓ તેની મિલ્કતના વારિસ થશે કે નહિ ?

__જવાબ :__ ૧૩૯ મર્હુમના સગા ભાઈની હયાતીમાં ભત્રીજાઓ મહરૂમ (અભાગ્ય) છે. માટે તમો ચાર ભાઈઓને

તમારા કાકાની મિલ્કતમાંથી કંઈ નહિ મળે. હા, તમારા દાદાની મિલ્કતમાંથી તમારા બાપના હિસ્સાના હકદાર છો.

**સવાલ :** ૧૪૦ એક માણસ કોમી ફસાદમાં મરણ પામ્યો છે. ફસાદમાં મરણ પામ્યાથી ગવરમેન્ટે રૂા. ૩૦૦૦ ભરણ પોષણ માટે મંજુર કર્યા તેની અવલાદ માટે એ રકમની વહેંચણી કેવી રીતે કરવી. નીચે મુજબ તેના વારિસ છે. મર્હુમની એક ઓરત, એક સગી બહેન, અને એક કાકાનો છોકરો.

**જવાબ :** ૧૪૦ વારસા વહેંચણીથી અગાઉના હકો (કફન, દફન, કર્ઝ, વસીયત ત્રીજા ભાગમાંથી) અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના ચાર ભાગ કરવા. તેમાંથી એક ભાગ ઓરતને, બે ભાગ બહેનને અને બાકીનો એક ભાગ કાકા ભાઈને આપવો એક રૂપીયામાંથી ચાર આના મર્હુમની ઓરતને, આઠ આના બહેનને અને ચાર આના કાકા ભાઈને આપવા રૂા. ૩૦૦૦ અને બાકીની સઘળી મિલ્કતને એજ પ્રમાણે વહેંચી આપવી. ઓરતની મહેર બાકી હશે તો તે વારસા વતરોક આપવી પડશે. (સિરાજી શરીફ) .

**સવાલ :** ૧૪૧ મારી માને મોસાળમાં ઝમીન મલી છે. તેના ઉપર મોટાભાઈએ ઘર બાંધેલું છે. મજકુર માને ૩ છોકરા અને ૩ છોકરી હતી, ૨ છોકરી ગુજરી ગઈ છે. ૩ ભાઈ ગુજરી ગયા છે. એક બહેન હયાત છે, (હું પોતે) ભાઈનો એક છોકરો છું બીજા ભાઈને ૪ છોકરા ૬ છોકરી ૧ છોકરો ગુજરી ગયો છે. મજકુર મિલ્કતમાંથી મને કેટલું મળશે ?

**જવાબ :** ૧૪૧ તમારી મર્હુમા માની મોસાળામાં મળેલી ઝમીન જેના ઉપર તમારા ભાઈએ મકાન બાંધ્યું છે માત્ર એ ઝમીનમાંજ મર્હુમાના બધા વારિસોનો હક છે. મકાન નહિ, તે ઝમીનની કિંમત કરી તેના પાંચ ભાગ કરવા તેમાંથી એક ભાગ તમને મળશે. અને બે ભાગ મર્હુમ બાઈના એક છોકરીને અને બાકીના બે ભાગમાંથી બીજા મર્હુમ ભાઈની અવલાદને, તેમાંથી છોકરાને ડબલ અને છોકરીને સીંગલ મળશે. (કુતુબે ફરાઈઝ)

**સવાલ :** ૧૪૨ એક બાઈ મરી ગઈ છે તેના ગુજરવા વખતે તેની ૧ છોકરી હયાત છે. તથા તેના ૨ છોકરા પહેલાં ગુજરી ગયેલા, તેમાંથી એક છોકરાના ૪ દીકરા, બીજાના ૩ દીકરા, એટલે ૭ પોતરા હયાત છે. તેમજ એક છોકરી પહેલાં ગુજરી ગયેલી તેના છોકરા હયાત છે. મર્હુમાની મિલ્કત કેવી રીતે વહેંચવી તે જણાવશો.

**જવાબ :** ૧૪૨ પૂછેલી સૂરતમાં મર્હુમા બાઈના માલમાંથી કફન, દફનનો જરૂરી ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી અદા કરવો બાદ જે કંઈ બચે તેના ૧૪ ભાગ કરવા. તેમાંથી મર્હુમાની છોકરીને સાત ભાગ અને બાકીના ૭ ભાગમાંથી દરેક પોત્રને એક એક ભાગ મળશે. એટલે રૂા. એકમાંથી આઠ આના છોકરીને, બાકીના આઠ આનામાંથી દરેક પોત્રને સરખે ભાગે મળશે. (સિરાજી શરીફ)

**સવાલ :** ૧૪૩ એક માણસ ગુજરી ગયો છે, તેમના વારિસદારોમાં ૧ ઓરત અને મા અને ૫ દીકરા અને ૨

કરીઓ છે. એમનો વારસો વહેંચી આપશો.

**જવાબ :** ૧૪૩ પૂછેલી સૂરતમાં મર્હુમના કફન, દફનનો જરૂરી ખર્ચ અને વસીયત હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી અને કર્ઝ હોય તો તે અદા કર્યા બાદ જે કંઈ બચે તેના ૨૮૮ ભાગ કરવા. તેમાંથી વિધવાને ૩૬ ભાગ, માને ૪૮ ભાગ, દરેક છોકરાને ૩૪ ભાગ, દરેક છોકરીને ૧૭ ભાગ મળશે.

**નોટ:-** જો વિધવાની મહેર બાકી હશે તો તે તેણીને વારસા વતરીક મળશે. (સિરાજી શરીફ)

**સવાલ :** ૧૪૪ એક બાઈ ગુજરી ગયા છે. તેમના વારિસે આ મુજબ છે. બે છોકરીઓ એક પોત્રો, ચાર પોત્રીએ અને ત્રણ નવાશા.

**જવાબ :** ૧૪૪ પૂછેલી સૂરતમાં કફન, દફનનો જરૂરી ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ જે કંઈ બચે તેના ૧૮ ભાગ કરવામાં આવશે. દરેક છોકરીને ૬ ભાગ, પોત્રાને બે ભાગ, અને દરેક પોત્રીને ૧ ભાગ મળશે. નવાસાઓ અભાગ્ય છે. તેમને કાંઈ મળશે નહિ. (સિરાજી શરીફ)

**સવાલ :** ૧૪૫ એક માણસ ગુજરી ગયો છે. તેમના વારિસો આ મુજબ છે. એક ઓરત એક છોકરો. એક છોકરી અને મર્હુમની બહેનો બે છે. તેની મિલ્કતના વારિસદારો કેવી રીતે હિસ્સો વહેંચે?

**જવાબ :** ૧૪૫ મર્હુમનો ઝરૂરી કફન, દફનનો ખર્ચ અને કર્ઝ હોય તો તે કુલ માલમાંથી અને વસીયત કીધી હોય

તો તે ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ બાકી મિલ્કતના ૨ ભાગ કરવા, તેમાંથી મર્હુમની ઓરતને ભાગ ૩ અને છોકરાને ૧૪ ભાગ અને છોકરીને ૭ ભાગ આપવા મર્હુમની બહેનો (અભાગ્ય) છે. (સિરાજી શરીફ)

**સવાલ :** ૧૪૬ એક માણસ ગુજરી ગયો તેણે પોતની પાછળ ૨ ઓરત, ૭ છોકરીઓ, ૫ છોકરા વારસદાર છે તો મર્હુમની મિલ્કતમાંથી શરીઅત મુજબ દરેકને કેટલો હિસ્સો મળશે ?

**જવાબ :** ૧૪૬ વારસા વહેંચણીથી અગાઉનાં શરઈ હકો (ઝરૂરી કફન, દફન, કર્ઝ કુલ માલમાંથી અને વસીયત ત્રીજા ભાગમાંથી) અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના ૨૭૨ ભાગ કરવા, તેમાંથી મર્હુમની બંને ઓરતોને ૧૭-૧૭ ભાગ દરેક છોકરાને ૨૮ ભાગ, અને દરેક છોકરીને ૧૪ ભાગ આપવા. (સિરાજી શરીફ)

**સવાલ :** ૧૪૭ એક માણસ ગુજરી ગયો તેના વારિસદારોમાં એક તેની ઓરત, એક પાલક છોકરો, એક ભાઈની ઓરત બે સગી ભત્રીજી તો દરેક વારિસને ઈસ્લામી કાનુન મુજબ શું મળશે ?

**જવાબ :** ૧૪૭ પૂછેલી સુરતમાં મર્હુમના કફન, દફનનો ઝરૂરી ખર્ચ, કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના ૮ ભાગ કરવા. તેમાંથી મર્હુમની ઓરતને ૨ ભાગ, અને પાલક છોકરો તથા ભાઈની ઓરત મહરૂમ (અભાગ્ય) છે. (કુતુબે ફરાઈઝ)

**સવાલ :** ૧૪૮ એક બાઈ ગુજરી ગઈ છે. તેની માલ મીલ્કત છે. વારિસોમાં તેણીનો બાપ, મા અને ધણી તથા ત્રણ ભાઈ, પાંચ બહેન છે.

**જવાબ :** ૧૪૮ પૂછેલી સૂરતમાં કફન, દફનનો જરૂરી ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ જે કાંઈ બચે તેના કુલ્લે ૬ ભાગ કરવા. તેમાંથી ભાગ ત્રણ ધણીને, ભાગ એક માને બકીના બે ભાગ બાપને મળશે. ભાઈઓ અને બહેનોને કંઈ મળશે નહિ. જો મર્હુમાની મહેર બાકી હોય તો તે પણ ઉપર મુજબ વહેંચવામાં આવશે. ધણીએ અદા કરવી જરૂરી છે. (સિરાજી શરીફ)

**સવાલ :** ૧૪૯ એક ઓરત મરણ પામી છે. તેના વારિસો નીચે મુજબ છે. સાવકો ભાઈ એક, તથા ભત્રીજો એક, કાકો એક, કાકાના દીકરા ત્રણ મામાનો દીકરો એક છે.

**જવાબ :** ૧૪૯ મર્હુમાના કફન, દફનનો જરૂરી ખર્ચ તથા કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ કુલ માલ તેણીના ભાઈને મળશે. ભત્રીજાને, કાકાને, કાકાના દીકરાઓને, મામાના છોકરાને કાંઈ મળશે નહિ. એઓ બધા મહરૂમ છે. (સિરાજી શરીફ)

**સવાલ :** ૧૫૦ એક બાઈ ગુજરી ગયા છે. તેમના વારિસ ધણી, ૫ છોકરા, ૪ છોકરી અને ૧ ભાઈ છે. કોઈ વખતે બાઈ પોતાના સવાબની ખાતર કંઈક કરવા કહેતા પણ કોઈ પાકી વસીયત નથી. માટે એ બાબતમાં શો હુકમ છે ?

**જવાબ :** ૧૫૦ પૂછેલી સૂરતમાં કફન, દફનનો જરૂરી

ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ જે કાંઇ બચે તેના ૫૬ ભાગ કરવા. તેમાંથી ધણીને ૧૪ ભાગ દરેક છોકરાને ભાગ ૬, દરેક છોકરીને ભાગ ૩ મળશે. ભાઇને કંઇ મળશે નહિ. જો બાઇની મહેર બાકી હોય તો તે રકમની પણ ઉપર મુજબ વહેંચણી કરવામાં આવશે. અને સવાબને માટે કંઇ કરવા ઇચ્છતા હતા એથી ચોક્કસ વસીયત સાબિત થતી નથી માટે એ વિષે તમો ઉપર કંઇ ઝરૂરી નથી પરંતુ તમો બધા બાલિગ વારસો રાજીખુશીથી મર્હુમાના સવાબ માટે ટ્રસ્ટ કે વકફ વગેરે ખેરાત કરી શકો છો. (ફતાવા અશરફીયહ પાનુ ૪૧૮)

**સવાલ : ૧૫૧** એક માણસ ગુજરી ગયો છે. તેમના વારિસોમાં એક વિધવા, છોકરા બે, છોકરીઓ ત્રણ, તેમનો વારસો કેવી રીતે વહેંચવો ?

**જવાબ : ૧૫૧** પુછેલી સૂરતમાં કફન, દફનનો જરૂરી ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ મર્હુમની માલ મિલ્કતના ૮ ભાગ કરવા તેમાંથી ભાગ ૧ મર્હુમની વિધવાને અને ૨ ભાગ દરેક છોકરાને, ૧ ભાગ દરેક છોકરીને મળશે. એટલે રૂા. ૧ માંથી આના બે વિધવાને અને ૧૪ આનામાંથી બીજા વારિસોને મળશે. દરેક છોકરાને આના ચાર, દરેક છોકરીને આના બે મળશે, અને જો વિધવાની મહેર બાકી હશે તો તે તેણીને વારસા વતરીક આપવી પડશે. (સિરાજી શરીફ)

**સવાલ : ૧૫૨** એક માણસ ગુજરી ગયો છે તેના વારિસોમાં ૧ વિધવા, ૧ છોકરી, ૨ બહેનો, ૩ ભાઇ એમને

વારસો કેવી રીતે વહેંચવો ?

**જવાબ :** ૧૫૨ પુછેલી સૂરતમાં ઝરૂરી કફન, દફનનો ખર્ચ અને કર્ઝ હોય તો તે અદા કર્યા બાદ અને વસીયત કીધી હોય તો તે એક ત્રીજા ભાગમાંથી અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના ૬૪ ભાગ કરવા, તેમાંથી ૮ ભાગ મર્હુમની વિધવાને, ૩૨ ભાગ છોકરીને અને દરેક ભાઈને ૬ ભાગ, અને દરેક બહેનને ૩ ભાગ આપવા. (સિરાજી શરીફ, કુતુબે ફરાઈઝ)

**સવાલ :** ૧૫૩ એક ઓરત ગુજરી ગઈ છે. તે બાઈને પહેલાં ધણીથી એક છોકરો છે. અને બીજા ધણીની દીકરી છે. એટલે મા એક અને બાપ જુદા છે. તો મરનાર બાઈના માલમાંથી સાવકા ભાઈ બહેન દરેકને શરઅ પ્રમાણે કેટલું મળશે ?

**જવાબ :** ૧૫૩ પુછેલી સૂરતમાં કફન, દફનનો જરૂરી ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગમાંથી અદા કરી માલના ત્રણ ભાગ કરવા જેમાંથી ભાગ ૨ છોકરાને અને ભાગ ૧ છોકરીને મળશે. પરંતુ બીજો કોઈ વારિસ ન હોય તો. (સિરાજી શરીફ)

**સવાલ :** ૧૫૪ એક માણસ, એક છોકરો અને બે છોકરીઓ મુકી ગુજરી ગયો. તેની મિલ્કત શરીઅત મુજબ કેવી રીતે વહેંચવી ? એક ઘર બે માળનું છે. તે ઘર આ ત્રણે (વારિસો) વચ્ચે કેવી રીતે વહેંચાશે ?

**જવાબ :** ૧૫૪ પૂછેલી સુરતમાં કફન, દફનનો જરૂરી ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા

ભાગમાંથી અદા કર્યા બાદ જે કાંઇ બચે તેના ચાર ભાગ કરવા .તેમાંથી બે ભાગ છોકરાને અને એકેક ભાગ બન્ને છોકરીઓને મળશે. (એટલે રૂા. ૧) માંથી ૫૦ પૈસા છોકરાને અને ૨૫ પૈસા દરેક છોકરીને અને જે ઘર બે માળાનું છે. તેમાંથી એક માળો છોકરાને અને એક માળો બન્ને બહેનો વચ્ચે સરખે ભાગે મળશે. અથવા આખા મકાનની કિંમત નક્કી કરવામાં આવે અને તેમાંથી ડબલ છોકરાને અને સિંગલ દરેક છોકરીને. (ફતાવા અશરફીયાહ પાના ૪૧૯)

**સવાલ :** **૧૫૫** એક માણસ ગુજરી ગયો છે. તેના વારિસોમાં સગી બહેન અને એક ઓરત છે. તો મર્હુમના માલમાંથી જણાવેલા વારિસોને શરીઅત મુજબ કેટલો હિસ્સો મળશે ?

**જવાબ :** **૧૫૫** સવાલમાં દર્શાવેલ વારિસો સિવાય બીજો કોઇ વારિસ ન હોય તો વહેંચણીથી અગાઉના શરઈ હકો (જરૂરી કફન, દફનનો ખર્ચ અને કર્ઝ કુલ માલમાંથી અને વસીયત હોય તો તે એક તૃત્યાંશમાંથી) અદા કર્યા બાદ મર્હુમની મિલ્કતના ચાર ભાગ કરવા, એક ભાગ વિધવાને બાકીના ત્રણ ભાગ બહેનને મળશે. એક રૂપિયામાંથી ૨૫ પૈસા વિધવાને, બાર આના બહેનને મળશે. (સિરાજી શરીફ)

**સવાલ :** **૧૫૬** એક માણસ તા. ૧૭-૧૨-૫૦ ના રોજ ગુજરી ગયો છે. મર્હુમ પોતાની પાછળ વારસામાં હાલમાં એક છોકરી તથા ભાઇનો છોકરો ભત્રીજો તથા ત્રણ નવાસા એક નવાસી છોડી ગયો છે. મર્હુમ પોતાની રોકડ રકમ હાલમાં લગભગ ૧૨૦૦ ની મુકી ગયો છે. અને દરેકને કોને

કેટલી આપવી તે તાકીદથી લખી મોકલશો. મર્હુમ ૧૭-૧૮ વર્ષ ઉપર હજ્જ કરવા ગયેલા ત્યારે તેમની મિલ્કત, જમીન, ઘર વગેરે પોતાની બે છોકરીઓને બખશિશ દસ્તાવેજ પાકો કરી અડધે ભાગે લખી આપી હતી. હજ્જથી પાછા ફર્યા બાદ એક છોકરી ગુજરી ગઇ તેથી મર્હુમે પોતાની હયાતીમાં તેને મળેલ અડધી મિલ્કત પોતાના નવાસાના નામ ઉપર ફેરવી નાખી તો એના ઉપર કોઈનો હક રહેશે કે નહિ ? મર્હુમની રોકડ રકમ કોને આપવી તે ખુલાસો કરશો.

**તા.ક.:-** મર્હુમ જે રકમ હાલમાં છોડી ગયા છે એ રકમ પણ એ મિલ્કતની ઉપજ છે.

**<u>જવાબ :</u> ૧૫૬** ખરેખર જો મર્હુમે પોતાની સઘળી મિલ્કત પોતાની બન્ને છોકરીઓને તંદુરસ્તીમાં બક્ષિસ કરી આપી હતી અને સંપૂર્ણ કબ્ઝો પણ સોંપી દીધો હતો તો તેમાં બીજા કોઇ વારિસોનો હક લાગશે નહિ. મર્હુમની છોકરી હયાતીમાં ગુજરી ગઇ છે તેણીના મિલ્કત તેના શરઈ વારિસો દરમ્યાન શરએ મુહમ્મદી મુજબ વહેંચવામાં આવશે. તેણીની અવલાદના નામે ફેરવી નાખી છે એ શરીઅતમાં માન્ય રખાશે નહિ. પોતે મર્હુમનો પણ છઠો હિસ્સો છે. તેમજ બીજા વારિસોના પણ હક લાગશે. માટે છોકરીના બધા વારિસો લખી ફરીથી પૂછાવો મર્હુમે જે રકમ ૧૨૦૦ છોડી છે. ખરેખર તમારા લખ્યા પ્રમાણે સદરહુ મિલ્કતની ઈન્કમ (ઉપજ) છે તો તેમાંથી અડધા રૂપિયા ૬૦૦ મર્હુમા છોકરીના વારિસો દરમ્યાન વહેંચાશે. (ફતાવા અશરફીયહ પાના ૪૨૦)

**<u>સવાલ :</u> ૧૫૭** એક માણસ ગુજરી ગયો તે પોતાની

પાછળ એક ધણીઆણી તેમજ એક ફોઈનો છોકરો મુકી ગયો છે. મર્હુમની મિલ્કત શરીઅત મુજબ કેવી રીતે વહેંચાશે ?

<u>જ્વાબ :</u> ૧૫૭ કફન, દફનનો ઝરૂરી ખર્ચ, અને કર્ઝ હોય તો તે બધા માલમાંથી અને વસીયત હોય તો તે એક તૃતિયાંસ ૧/૩ માંથી અદા કર્યા બાદ બાકીનો બધો માલ મર્હુમની ધણીઆણીને મળશે. ફોઈયાત ભાઈને કંઈ નહી મળે. (સિરાજી શરીફ)

<u>સવાલ :</u> ૧૫૮ એક માણસે પોતાની ઓરતને તલાક આપી. એ ઓરતને એક પુત્ર અને એક પુત્રી છે, એ ઓરતે બીજા સાથે નિકાહ કર્યા. એ માણસે પોતાનું ઘર પોતાની ઔલાદને ન આપતાં મસ્જીદમાં વકફ કર્યું. એણે પોતાની તંદુરસ્તીમાં એ લખી આપ્યું હતું. વકફ લખી આપ્યા બાદ એ પાંચ વર્ષ જીવતો રહ્યો ને પછી મરણ પામ્યો. હવે એ મર્હુમના બચ્ચાં મોટા થવાથી પોતાનું ઘર પાછું મેળવવા ચાહે છે. પાછું આપી શકીએ કે કેમ ? એ ઘરને વકફ કરવાને ૧૫ વર્ષ વીતી ગયાં છે. તો મસ્જીદમાં વકફ કરેલ મકાન પાછું આપી શકાય કે કેમ ?

<u>જ્વાબ :</u> ૧૫૮ તમારા લખ્યા મુજબ જ્યારે મર્હુમે પોતાની તંદુરસ્તીમાં પોતાનું ઘર કોઈપણ શરત વિના મસ્જીદ માટે વકફ કરી દીધું તો તે વખતથી મર્હુમની મિલ્કતોમાંથી તે મકાન નીકળી ગયું હવે મર્હુમના બચ્ચાઓનો એમાં કંઈ હક નથી. (ફતાવા અશરફીયહ)

ખત્મ . શુદ

*હુસૈની કમિટી (સુન્ની)-મોરબી માટે*

# મદદની અપીલ

હુસૈની કમિટી (સુન્ની) મોરબી, છેલ્લા ૨૧ વર્ષ થયા મઝહબે એહલે સુન્નત વ જમાઅતની શાનદાર ખિદમત અંજામ આપી રહેલ છે. જેની મફત વહેંચણી થતી હોય તેવું કમિટીનું ૨૪૮મું પ્રકાશન આપના હાથમાં છે.

અલ્લાહ તઆલા કુર્આને મજીદમાં ફરમાવે છે કે, તમો પોતાની પ્રિય વસ્તુમાંથી (અલ્લાહની રાહમાં જ્યાં સુધી) ખર્ચ કરશો નહિ ત્યાં સુધી કદી સંપૂર્ણ ભલાઈ પામી શકશો નહી અને જે કાંઈ તમે ખર્ચ કરશો તો તે તેને અલ્લાહ સારી રીતે જાણે છે.

(સૂરએ આલે ઈમરાન, પારા-૩, આયત-૯૦)

અય ઈમાનવાળાઓ ! અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દીનને ફેલાવવા તન, મન, ધનથી હુસૈની કમિટી (સુન્ની) મોરબીને ભરપુર મદદ કરો અલ્લાહ તઆલા મહાન સવાબ (પુણ્ય) આપનાર છે.

અલ્લાહ રબ્બુલ ઈઝઝત અને પ્યારા રસૂલ આકાએ નામદાર, મદની તાજદાર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખુશનૂદી (પ્રસન્નતા) હાંસીલ કરવા કમિટીને ઉદાર હાથે મદદ કરો મદદ મોકલવાનું સર નામું


**મહેબુબ કે. પીલુડીયા** *(વ્યવસ્થાપક)*

## હુસૈની કમિટી (સુન્ની)

**૮, લાતી પ્લોટ સામે, મુ. મોરબી જિ. રાજકોટ - ૩૬૩૬૪૧**

ફોન : (૦૨૮૨૨) ૨૩૩૨૧૪

મોબાઈલ : ૯૮૨૫૧ ૩૩૨૭૪

# હુસૈની કમિટી (સુન્ની)

મોરબી દ્વારા

## આપના મર્હૂમોના સવાબ માટે દીની કિતાબ છપાવો

હુસૈની કમિટી (સુન્ની) મોરબી છેલ્લા ૨૫ વર્ષથી મઝહબે એહલે સુન્નત વલ જમાઅતની દીની કિતાબો પ્રકાશીત કરીને શાનદાર ખિદમત અંજામ આપી રહેલ છે. અત્યારની આ અતિશય મોંઘવારીના યુગમાં પણ અમારી આ નિસ્વાર્થ ખિદમત આપ સર્વે સુન્ની મુજાહીદોના સાથ સહકારથી આપી રહેલ છે. ઘણી વખત વધું પેજના પ્રકાશનો મોંઘા પડતા હોય, તેથી આ કમિટીને પ્રકાશનો ઓછા કરવા પડે છે. આ મુશ્કેલીઓમાંથી પસાર થવા માટે આપ આપના મર્હૂમોના ઇસાલે સવાબ અર્થે દીની કિતાબ છપાવી આ કમિટી દ્વારા પ્રગટ થતી કિતાબોમાં આપ મદદરુપ થઇ સવાબે જારીયાહના હક્કદાર થઇ સવાબે દારૈન હાંસીલ કરવા નમ્ર વિનંતી કરવામાં આવે છે.

લી. દુઆગીર

મહેબુબ કે. પીલુડીયા (વ્યવસ્થાપક)

મદદ મોકલવાનું સરનામું

**હુસૈની કમિટી (સુન્ની)**

૮, લાતી પ્લોટ સામે, મોરબી-૩૬૩ ૬૪૧.

ફોન (૦૨૮૨૨-૨૩૩૨૧૪)

મોબાઈલ : ૯૮૨૫૧૩૩૨૭૪